Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૮૦
તા.૦૪-૦૮-૨૦૧૭, શુક્રવાર
સંવત ૨૦૭૩ શ્રાવણ સુદ - ૧૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૧ સૂર્યાસ્ત : ૦૭:૨૦

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૨.૦ | વડોદરા | ૩૨.૫ |
| અમદાવાદ | ૩૩.૩ | સુરત | ૩૦.૪ |
| ગાંધીનગર | ૩૩.૫ | નલિયા | ૩૧.૨ |

ચાંદી : ૩૯૫૦૦ સોનું : ૨૯૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

## ભારે વરસાદ અને પૂરની તારાજીનો ભોગ બનેલા

# બનાસકાંઠા-પાટણ જિલ્લા માટે રૂા.૧૫૦૦ કરોડનું પેકેજ

## રાજ્યના ઇતિહાસમાં સૌ પ્રથમવાર અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકો વચ્ચે જઇને રાજ્ય સરકારે બેઠકો કરી વિશેષ પેકેજને આખરી ઓપ આપ્યો : અસરગ્રસ્ત તાલુકાઓના ખેડૂતોને કૃષિ વીજ બિલમાં ત્રણ મહિનાની માફી










સંજય જોષી

**અતિ પ્રભાવિત ધાનેરા માટે આર્થિક સહાય અને પુનઃવસન પેકેજ જાહેર ★ કૃષિ અને જમીન સુધારણા માટે રૂા. ૧,૩૧૧ કરોડ ★ વીજળી માટે રૂા. ૭૫ કરોડ ★ પશુ સહાય અને પશુપાલન માટે રૂા. ૨૦ કરોડ ★ વેપાર-વ્યવસાય-ઉદ્યોગો માટે રૂા. ૧૫ કરોડ ★ મહેસુલ વિભાગ હસ્તપકની યોજનાઓ માટે રૂા. ૭૯ કરોડ**

### કેશડોલ્સયના એક સમાન ધોરણો

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં તા. ૨૩-૭-૨૦૧૭ના દિવસથી ૧૦ દિવસ સુધી કેશડોલ્સવનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. બંને જિલ્લામાં લોકોને ખૂબ જ ઝડપથી તાત્કાલિક આર્થિક સહાય પહોંચાડી શકાય એ હેતુથી કેશડોલ્સણ બેન્કલ ખાતામાં જમા કરવાને બદલે રોકડમાં આપવાનો નિર્ણય લેવાયો છે. બનાસકાંઠા જિલ્લામાં આજ સુધીમાં કુલ ૪૦૮ ટીમો દ્વારા ૨,૭૯,૪૪૦ લાભાર્થીઓને કુલ રૂા. ૧૪.૭૪ કરોડ કેશડોલ્સલ ચુકવી દેવામાં આવી છે. જયારે પાટણ જિલ્લામાં કુલ ૬૯ ટીમો દ્વારા ૮૮,૧૯૮ લાભાર્થીઓને કુલ રૂા. ૪.૮૦ કરોડ કેશડોલ્સ ચુકવી દેવામાં આવી છે.

### પશુઓ માટે વિનામૂલ્યેલ ઘાસચારો

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પશુઓ માટે પશુપાલકોને વિનામૂલ્યેટ ઘાસચારો અપાશે. પશુપાલકોને પ્રતિપશુ પ્રતિદિન ૪ કિલો ઘાસ પાંચ પશુઓની મર્યાદામાં એક સામટું ૧૦ દિવસનું ઘાસ વિનામૂલ્યેપ અપાશે. આજે સવાર સુધીમાં બનાસકાંઠામાં ૨૪૩ ગાડીઓમાં કુલ ૧૨,૦૧૯ ગાંસડી, ૭.૪૪ લાખ કિલોગ્રામ ઘાસની આવક થઈ છે. જે પૈકી ૭.૨૦ લાખ કિ.ગ્રા. ઘાસનું વિતરણ કરવામાં આવ્યુંન છે. પાટણ જિલ્લામાં પણ ૪૦,૧૪૦ કિ.ગ્રા. ઘાસનું વિતરણ કરાયું છે. ઘાસ વિતરણમાં બનાસ ડેરી ઉપરાંત અન્યછ સહકારી સંસ્થા ઓની મદદ લેવાઈ રહી છે. બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ગૌશાળાઓ અને પાંજરાપોળમાં હયાત પશુઓને ૭ દિવસ સુધી પ્રતિ પશુ પ્રતિદિન ૪ કિ.ગ્રા. ઘાસ આપવાનો માનવીય નિર્ણય પણ રાજ્ય સરકારે લીધો છે. તદુઉપરાંત બનાસ ડેરીના સભાસદો અને જિલ્લાની પાંજરાપોળ-ગૌશાળાઓને બનાસદાણ રાહત દરથી પુરૂં પાડવામાં આવશે. જેમાં રાજ્ય સરકાર અને બનાસ ડેરી ૫૦-૫૦ ટકા પ્રમાણે ખર્ચ ભોગવશે.

### કપડાં અને ઘરવખરી સહાય

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં કપડાં અને ઘરવખરી સહાય તરીકે કુટુંબદીઠ રૂા. ૭,૦૦૦ની સહાય આપવાનો ઐતિહાસિક નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. સ્ટે,ટ ડિઝાસ્ટ ર રિસ્પોન્સિસ ફંડના ધારાધોરણો પ્રમાણે રૂા. ૩,૮૦૦ની સહાય આપવાની જોગવાઈ હતી. રાજ્ય સરકારે આ બંને જિલ્લામાં લગભગ બમણી રકમ ચુકવવાનો નિર્ણય કર્યો છે. અત્યા૦ર સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં ૪૦૮ ટીમો દ્વારા ૨૬,૪૪૯ કુટુંબોને ઘરવખરી અને કપડાંની સહાય પેટે રૂા. ૧૧.૮૮ કરોડ ચુકવી દેવામાં આવ્યા, છે, જયારે પાટણ જિલ્લામાં ૧૪,૨૧૨ કુટુંબોને રૂા. ૯.૨૭ કરોડની સહાય ચુકવવામાં આવી છે.

પાલનપુર

ઉત્ત.ર ગુજરાતના બનાસકાંઠા અને પાટણ પર અતિવૃષ્ટિા સ્વમરૂપે કુદરતી આફત વરસી પડી. તા. ૨૪-૨૫ જુલાઇ દરમિયાન ખૂબ જ ઓછા સમયગાળામાં ભારે વરસાદ વરસ્યોી, જિલ્લાંની નદીઓમાં ભારે પૂર આવતાં જળાશયો છલકાઇ ગયાં અને એ જ દિવસોમાં માઉન્ટસ આબુ અને રાજસ્થા નમાં ચોવીસ કલાકમાં અગાઉ કયારેય ન પડયો હોય એટલો વરસાદ પડયો. આ પાણી પણ બનાસકાંઠા-પાટણ પહોંચ્યું. પરિણામે બનાસકાંઠા-પાટણમાં પરિસ્થિડતિ અતિ વિકટ બની ગઇ અને ઇતિહાસમાં ન અનુભવાઇ હોય એવી આફત આવી પડી. આમ છતાં પણ રાજ્ય સરકારની સતર્કતા, આગોતરાં પગલાં અને ત્વોરિત નિર્ણયોને કારણે જાન-માલને મોટું નુકશાન થતું અટકાવી શકાયું છે.

ગાંધીનગરમાં મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પોતાના નિવાસસ્થાંને જ તાકીદે રાજ્યના ઉચ્ચી અધિકારીઓની બેઠક બોલાવી અને આગોતાં પગલાં લેવાની સૂચનાઓ આપી. ગાંધીનગરમાં ત્વચરાએ સ્ટેઓટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટચરને ધમધમતું કરાયું. જિલ્લા વહીવટીતંત્રોને યોગ્યમ સૂચનાઓ આપી દેવામાં આવી અને બનાસકાંઠા જિલ્લામાં ૨૯,૭૩૯ લોકોનું સલામતીના પગલાં તરીકે આગોતરૂં સ્થંળાંતરણ કરાવાયું અને પાટણ જિલ્લામાં ૩૮,૮૬૩ લોકોને આગોતરાં પગલાં લઈને સલામત સ્થતળે ખસેડાયા. પરિણામે મોટી જાનહાની થતી અટકી.

એકાએક આવેલા અતિભારે વરસાદને કારણે લોકો પૂરના પાણીમાં ફસાયા. રાજ્ય સરકારે પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના માર્ગદર્શનમાં તાકીદે આર્મી, એરફોર્સ, એ ન . ડી . આ ર . એ ફ ., એ સ . ડી . આ ર . એ ફ ., બી.એસ.એફ., ફાયરબ્રિગેડ અને સ્થાનિક તંત્રની મદદથી બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી ૨૦,૮૯૩ લોકોને સલામત રીતે ઉગારી લીધા. આમ જો સમયસર આગોતરૂં સ્થપળાંતરણ ન થયું હોત અને પૂરમાં ફસાયેલા લોકોને સમયસર ઉગારી ન શકાયા હોત તો બનાસકાંઠા-પાટણમાં જાન-માલને મોટું નુકશાન થયું હોત.

ઈમરજન્સી-માં લેવાનારા પગલાં અને કામગીરી પછી રાજ્ય સરકારે બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જનજીવન ઝડપથી સામાન્યલ થાય એ માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દીધી. અતિવૃષ્ટિ ને કારણે બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ૫૬૯ ગામોમાં વીજપૂરવઠો બંધ થઇ ગયો હતો. તંત્રએ રાત-દિવસ જાગીને કામ કરતાં આજે હવે ૫૬૨ ગામોમાં વીજળી પુનઃસ્થાપિત થઇ ગઇ છે. આજે હવે માત્ર ૭ ગામોમાં વીજળી નથી, જેનું સમારકામ ચાલી રહ્યું છે.

અતિભારે વરસાદથી બનાસકાંઠા-પાટણના ૬૫૧ માર્ગોને ભારે નુકશાન થયું હતું. માર્ગ-મકાન વિભાગે અભૂતપૂર્વ મેનપાવર અને સાધનો કામે લગાડીને આજે ૬૦૧ માર્ગો પૂર્વવત કરી નાખ્યા છે. જયાં વાહનવ્યૂવહાર સામાન્યો થઇ ગયો છે.

અનુસંધાન પાના નં.૬

### પશુ મૃત્યુય સહાય

સ્ટેમટ ડિઝાસ્ટ ર રિસ્પોચન્સં ફંડના ધારાધોરણ પ્રમાણે પશુપાલકોને ૩ દુધાળા પશુઓની મર્યાદામાં પશુ દીઠ રૂા. ૩૦,૦૦૦ની સહાય આપવાની જોગવાઈ છે. રાજ્ય સરકારે બનાસકાંઠા-પાટણ પેકેજમાં પશુદીઠ રૂા. ૧૦,૦૦૦નો વધારો કરીને ત્રણ પશુઓની મર્યાદામાં પશુદીઠ રૂા. ૪૦,૦૦૦ની પશુ મૃત્યુર સહાય આપવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત નિયત જોગવાઈથી વિશેષ જઈને રાજ્ય સરકારે પશુપાલકોને વધુ બે પશુઓ માટે પ્રતિ પશુ રૂા. ૩૦,૦૦૦ની પશુ મૃત્યુપ સહાય આપવાની જાહેરાત કરી છે. આમ, હવે પશુપાલોને પાંચ પશુઓ માટે સહાય મળશે. બનાસકાંઠા જિલ્લામાં નાના-મોટા મળીને કુલ ૧૧,૧૦૫ પશુઓના મૃત્યુશ થયાં છે. તમામ મૃત પશુઓનો નિકાલ કરવામાં આવ્યોા છે અને જિલ્લામાં કુલ ૧૦૨૪ પશુઓના કેસમાં રૂા. ૨૨૧.૪૧ લાખની સહાય ચુકવવામાં આવી છે. જયારે પાટણ જિલ્લામાં ૧૧૬૧ પશુઓ માટે રૂા. ૨૩૩.૯૭ લાખની સહાય ચુકવવામાં આવી છે.

### માનવ મૃત્યૂ અને ઇજા સહાય

અતિવૃષ્ટિયને કારણે થયેલા માનવ મૃત્યુ માં સ્ટે ટ ડિઝાસ્ટેર રિસ્પો ન્સમ ફંડમાં રૂા. ૪ લાખની સહાયની જોગવાઈ છે. માનનીય પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ તત્કાજળ રૂા. ૨ લાખની વધારાની સહાયની જાહેરાત કરી હતી. આમ, હવે બનાસકાંઠા-પાટણમાં રૂા. ૬ લાખ મૃત્યુા સહાય ચુકવવામાં આવી રહી છે. બનાસકાંઠા જિલ્લામાં કુલ ૬૦ માનવમૃત્યુી નોંધાયા છે. સ્થાલનિક વહીવટીતંત્ર દ્વારા આજ સુધીમાં ૪૬ કેસોમાં મૃત્યૂ સહાય ચુકવી દેવામાં આવી છે. બાકીના કિસ્સાૃમાં વારસદારો નક્કી કરવાની પ્રક્રિયા ચાલી રહી હોવાથી તાત્કાલિક ચુકવણા કરાશે. પાટણ જિલ્લામાં ૩ કેસોમાં મૃત્યુ સહાય ચુકવવામાં આવી છે. પૂરને કારણે થયેલી ઈજાના કેસોમાં સ્ટેટ ડિઝાસ્ટ્ર રિસ્પોન્સ ફંડની જોગવાઈ ઉપરાંત માનનીય પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રટભાઈ મોદીએ વધારાની રૂા. ૫૦,૦૦૦ની ઈજા સહાય આપવાની જાહેરાત કરી છે. આ જોગવાઈ અનુસાર પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં નાગરિકોને ઈજા સહાય ચુકવવામાં આવી રહી છે. મુખ્યા મંત્રીશ્રીએ આ રાહત સહાય પેકેજ જાહેર કરતાં એમ પણ કહ્યું કે, તેમણે પાંચ દિવસ દરમ્યામન અસરગ્રસ્ત વિસ્તાકરોના ગામોમાં સ્થિતિ નિરીક્ષણ કરીને ગ્રામજનો નાગરિકો સાથે ચર્ચાઓ કરી પૂરની સ્થિનતિ અને નદીઓના વહેણ બદલાવાની પરિસ્થિમતિમાં જયાં વારંવાર આવી સ્થિતિ સર્જાય છે ત્યાં અન્ય ત્ર સ્થાળાંતર માટેનું લાંબાગાળાનું આયોજન અંગે પણ વિચારાધીન છે.

### પાક નુકશાન સહાયના ધોરણો

★ પાક નુકશાનમાં બિનપિયત વિસ્તાપરના નુકશાન માટે રૂા. ૬,૮૦૦ની સહાય વધારીને રૂા. ૧૦ હજાર કરવામાં આવી છે એટલે કે રૂા. ૩,૨૦૦નો વધારો કર્યો છે. ★ પિયત વિસ્તાીરમાં પાક નુકશાન માટે પ્રવર્તમાન ધોરણે મળતી ૧૩,૫૦૦ની સહાયના સ્થામને હવે રૂા. ૨૦ હજાર મળશે. આમ, કુલ રૂા. ૬,૫૦૦ની વધારાની સહાય મળવાપાત્ર થશે. ★ બહુવર્ષાયું બાગાયતી પાક માટે રૂા. ૧૮,૦૦૦ની પાક નુકશાન સહાયના સ્થા૦ને હવે રૂા. ૩૦ હજારની સહાય ચુકવવાનો નિર્ણય કર્યો છે. આમ, પાક નુકશાન માટેની એસ.ડી.આર.એફ.ની સહાય ઉપરાંત રાજ્ય સરકારે વધારાની પોતાની સહાય આપીને આ વિકટ સ્થિ૦તિમાંથી ખેડૂતોને મોટી રાહત આપી છે.

### જમીન ધોવાણ સહાય

ભારે પૂર અને નદીના વહેણ બદલાઈ-ફંટાઈ જવાને કારણે જમીનોના ધોવાણ થયાના બહુધા કિસ્સૂ આ જિલ્લાઓમાં બન્યાપ છે. આવા ખેડૂતોને પણ રાજ્ય સરકારે ઉદારત્તામ સહાય આપવાનો નિર્ણય કર્યો છે. ★ આ સહાય અનુસાર જમીન ધોવાણનું નાનું નુકશાન થયાના કિસ્સાવમાં ૨૦૧૫માં રાજ્ય સરકારે પૂર આપત્તિ વેળાએ રૂા. ૧૨,૮૦૦ની સહાય આપી હતી. તેમાં માતબર વધારો કરીને ૨૫ હજાર રૂપિયા આપવાનું નક્કી કર્યું છે. ★ જયાં મોટાપાયે જમીન ધોવાણ થયું છે તેવા કિસ્સા માં ૨૦૧૫ની પૂરની સ્થિધતિ બાદ રૂા. ૬૦ હજારની સહાય આપવાના ધોરણો નિર્ધારીત કર્યા હતા. આ વર્ષે ૨૦૧૭માં ભયાનક પૂર અને ભારે વરસાદની સ્થિાતિમાં જમીન ધોવાણ માટેની સહાય વધારીને રૂા. ૮૦ હજાર કરી છે.

### ધાનેરા આર્થિક સહાય અને પુનઃવસન પેકેજ

આ ભારે વરસાદમાં સૌથી વધુ પ્રભાવિત અને બનાસકાંઠાના વેપાર-વાણિજયના આર્થિક કેન્દ્ર ધાનેરામાં થયેલા વ્યાવપક નુકશાનથી અસરગ્રસ્તોન માટે ધાનેરા આર્થિક સહાય અને પુનઃવસન પેકેજ રાજ્ય સરકારે જાહેર કર્યું. આ ધાનેરા આર્થિક સહાય અને પુનઃવસન પેકેજમાં જે સહાય-રાહતનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમાં ★ સ્વારોજગારી મેળવતા લારી-રેકડીવાળાઓને રૂા. ૫ હજાર રોકડ સહાય આપવામાં આવશે. આવી લારી-રેકડીવાળાને રેકડી તેમને સ્વૈ-ચ્છિનક સંસ્થામઓ દ્વારા અપાય તેવી વ્યેવસ્થાા કરવામાં આવશે. ★ નાની સ્થોયી કેબિન ધારકોને રૂા. ૧૫ હજાર રોકડ સહાય ચુકવવામાં આવશે. ★ મોટી કેબીન, નાની-મધ્ય-મ કક્ષાની પાકી દુકાન ધરાવનારાઓને રૂા. ૭૫ હજારની રોકડ સહાય આપવામાં આવશે. ★ ધાનેરા શહેરમાં છઁસ્ઝ સિવાયના વિસ્તાકરના મોટા દુકાનધારકો જેમનું માસિક ટર્નઓવર રૂા. ૫ લાખથી વધુ હોય તેમને રૂા. ૧૦ લાખ સુધીની બેંકલોન સામે બે વર્ષ માટે સંપૂર્ણ વ્યાાજ સહાય આપવામાં આવશે. ★ ધાનેરા છઁસ્ઝમાં વ્યાપક નુકશાન થયું છે અને અનાજ તેલીબિયાંનો જથ્થોટ સંપૂર્ણ નાશ પામ્યો છે. વેપારીઓ અને ખેડૂતોને ભારે નુકશાન થયું હોવાથી આ માટે તેમને મદદરૂપ થવા એવો નિર્ણય કરવામાં આવ્યોર છે કે જો રૂા. ૧૫ લાખની મર્યાદામાં બેન્કં લોન લે તો બે વર્ષ માટે રાજ્ય સરકાર વ્યા?જ સહાય કરશે.

## કાશ્મીરમાં સેનાના કાફલા ઉપર હુમલો : મેજર સહિત બે શહીદ

નવી દિલ્હી

જમ્મુ કાશ્મીરના શોપિયા જિલ્લામાં આજે સવારે સેનાના કાફલા પર ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો. આ હુમલામાં મેજર સહિત બે જવાન શહીદ થઇ ગયા હતા. હુમલામાં અન્ય એક જવાનને ઈજા થઇ હતી. જમ્મુ કાશ્મીર પોલીસે હુમલા અંગેના હેવાલને સમર્થન આપી દીધુ છે. હેવાલ મુજબ હુમલો કર્યાબાદ ફરાર થયેલા ત્રાસવાદીઓની વ્યાપક શોધખોળ ચાલી રહી છે. બીજી બાજુ આજે સવારે જ અન્ય એક અથડામણમાં સુરક્ષા દળોએ બે ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ઠાર થયેલા ત્રાસવાદીઓની પાસેથી મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો હતો. હાલના દિવસોમાં ત્રાસવાદીઓ દ્વારા સતત હુમલા કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ સેના સહિત સુરક્ષા દળોને પણ મોટી સફળતા હાથ લાગી રહી છે. ત્રાસવાદીઓને શોધી શોધીને મોતને ઘાટ ઉતારી દેવા માટેનુ ઓપરેશન ચાલી રહ્યુ છે. બુધવારે મોડી રાત્રે ત્રાસવાદીઓ છુપાયા હોવાની બાતમી મળ્યા બાદ ભારતીય સેના અને જમ્મુ કાશ્મીર પોલીસની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યુ હતુ. જેના ભાગરૂપે શોપિયાના સુગાન ગામમાં ઘેરી લઇને ઓપરેશન હાથ ધરાયુ હતુ. ઠાર થયેલા ત્રાસવાદીઓ પહેલી મેના દિવસે થયેલી બેંક લુટમાં સામેલ હોવાની માહિતી મળી છે. ઈન્ટેલિજન્સ ઈનપુટ્સ અને સુરક્ષા દળો વચ્ચે શાનદાર તાલમેલના કારણે સરકાર ત્રાસવાદીઓની સામે હવે જોરદાર જંગ ખેલવા અને તેમને ખતમ કરવાને લઇને આશાવાદી છે.

## રાજયસભા ચૂંટણી : નોટા પર સ્ટે મુકવા સુપ્રીમનો ઇન્કાર

નવી દિલ્હી

ગુજરાતમાં પ્રતિષ્ઠા સમાન બનેલી રાજ્યસભા ચૂંટણીથી પહેલા કોંગ્રેસને હવે સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ફટકો પડી ગયો છે. ગુજરાતની ત્રણ સીટ પર આઠમી ઓગષ્ટના દિવસે યોજાનાર ચૂંટણીમાં નોટાના પ્રયોગ પર સ્ટે મુકવાની માંગ કરીને દાખલ કરવામાં આવેલી કોંગ્રેસની અરજીને સુપ્રીમ કોર્ટે આજે ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટના ચુકાદાનો મતલબ એ છે કે, રાજયસભા ચૂંટણીમાં નોટાનો ઉપયોગ કરવામાં આવશે. કોંગ્રેસે એવી દલીલ પણ કરી હતી કે, જો નોટાના વિકલ્પનો ઉપયોગ બંધ કરવામાં નહીં આવે તો ગુજરાત ચૂંટણીમાં ભ્રષ્ટાચાર થઇ શકે છે. કારણ કે સ્પર્ધા ખુબ જ નજીકની બનેલી છે. કોંગ્રેસ તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કહ્યું હતું કે, પ્રથમ વખત એવું થયું છે જ્યારે ગુ-જરાતમાં ત્રણ રાજયસભા સીટ ઉપર ચાર ઉમેદવાર છે. બીજી બાજુ સુપ્રીમે કહ્યું હતું કે, તે ધારાસભ્યોને નોટાનો વિકલ્પ આપવાના મુદ્દા ઉપર ૧૮મી સપ્ટેમ્બરના દિવસે વધુ સુનાવણી કરશે. આ અગાઉ સુપ્રીમ કોર્ટમાં કોંગ્રેસ પાર્ટી તરફથી એવી દલીલ આપવામાં આવી હતી કે જો નોટા પર પ્રતિબંધ મુકવામાં નહીં આવે તો ધારાસભ્યોના વોટ બીજી પાર્ટીના લોકો ખરીદી લેશે. સાથે સાથે તેના ઉમેદવારો હારી જશે. સુપ્રીમ કોર્ટે આજે કહ્યુ હતુ કે આ એક બંધારણીય મુદ્દો છે. જેના પર ચર્ચાની જરૂર છે. કોંગ્રેસની અરજી પર જવાબ આપવા માટે ચૂંટણી પંચને બે સપ્તાહની મહેલત આપવામાં આવી છે.




સ્વ.નાગજીભાઈ રૂપાજી રાજપુત(જોજા) (ભુવાજી) સ્વ.તા. ૧-૮-૨૦૧૭

**બેસણું**

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **રાજપુત (જોજા) નાગજીભાઈ રૂપાજી** (ભુવાજી) તા. ૧-૮-૨૦૧૭ ને મંગળવારના રોજ દેવલોક પામ્યા છે. સ્વર્ગસ્થનું બેસણું તા.૧૨-૮-૨૦૧૭ ને શનિવારના રોજ સમાજના રીત-રીવાજ મુજબ રાખેલ છે.

**સ્થળ**
ગોગાપુરા ફાર્મ હાઉસ,
મું. ગણતા, તા. લાખણી જિ.બ.કાં.
મો. ૯૭૧૨૮૧૩૨૧૭, ૭૫૬૭૫૦૫૧૨૯

લિ.
**રાજપુત રોમાભાઈ નાગજીભાઈ (પુત્ર)**
**રાજપુત હરજીભાઈ નાગજીભાઈ (પુત્ર)**
**રાજપુત અજાભાઈ નાગજીભાઈ (પુત્ર)**
**રાજપુત અરજણભાઈ નાગજીભાઈ (પુત્ર)**

## બનાસકાંઠા પૂરપીડિતોને તબીબી સારવાર માટે ભાજપનુ ડીસામાં મધ્યસ્થ કેન્દ્ર : ૨૪ કલાક દવા અને તબીબોની ટીમ કાર્યરત



ડીસા

બનાસકાંઠા માં પૂર પ્રકોપ બાદ હવે રોગચાળો ફાટી નીકળે તેવી સ્થિતિ સામે મજબૂતપણે રાહત મદદ આપવા ભાજપ દ્વારા ડીસા જલારામ સંકુલ ખાતે તબીબી રાહત મદદ કેમ્પ ખુલ્લો મુકાયો છે ડીસા ખાતે આ તબીબી રાહત કેમ્પ પૂર અસરગ્સ્ર્ટો માટે દવા અને તબીબોની ટીમ ૨૪ કલાક ઉપલબ્ધ કરાવશે તેવુ જિલ્લા ભાજપ આગેવાન રાણાભાઇ દેસાઈએ કહ્યુ હતુ.

આ ૨૪ કલાક ની કાર્યરત ટીમ માં ભાજપ જિલ્લા અને ડીસા શહેર ભાજપ સમિતિ અને શહેર મહિલા મોરચો પૂર પીડિતો ની વહારે આવી હરસમ્ભવ મદદ કરી રહ્યા છે.જેમા તમામ પ્રકાર ના દવાના જથ્થા સાથે તબીબોની આખી ટીમ કામે લાગી છે .જે આખા જિલ્લા માં કાર્યરત બની છે.ડીસા ખાતેનું આ પૂર રાહત સહાયતા મધ્યસ્થ કેન્દ્ર હાલ તો પીડિતો માટે આશિર્વાદ રૂપ બન્યુ છે ત્યારે ડીસા પૂર અસરગ્રસ્તો ની ૨૪ કલાક સહાય માટેનુ કેન્દ્ર માં કોલ કરવાથી તુરંત ટીમ સહાય માટે રવાના થસે જયારે આ બાબતે ડૉ.સંજય દેસાઇએ જણાવ્યુ હતુ કે " જિલ્લા માં છેલ્લા પખવાડિયા કરતાં વધુ સમયથી વરસાદી માહોલ અને વાદળછાયા વાતાવરણને પગલે રોગચાળો ફેલાવાની આશંકા વ્યકત થઇ રહી છે.ત્યારે તમામ પ્રકાર ની દવાઓ જથ્થા સાથે અહી થી અસરગ્રસ્ત લોકો સુધી સારવાર પૂરી પડાય છે.જે સતત ચાલુ રખાસે તેવુ જણાવ્યુ હતુ આ ટીમમાં રાણાભાઇ દેસાઈ ,અમરતભાઇ દવે, સંજયભાઇ બ્રમભટ્ટ, ચેતનભાઇ ત્રિવેદી ,અમરતભાઇ અવસ્થિ ,રીનાબેન પટેલ અને રીનાબેન ધનેશભાઇ પરમાર સહિત ના ભાજપી કાર્યકરો સતત જોડાઇ સેવા આપી રહ્યાં છે.

## થરાદમાં પુર અને સહાયમાં સુરતની સંસ્થા દ્વારા માનવસેવાની સરવાણી વ્હાવી

### અમારે નુકશાન નથી થયું તો સહાય નથી જોઇતી..ખમીરવંતી પ્રજાની ઉદારતાનો પરિચય થયો



વિષ્ણુ દવે

થરાદ

એક બાજુ કેટલાક ગામોની પ્રજા સહાય માટે ભારે હોબાળો પણ કરી રહી છે,ત્યારે સુરતથી બનાસકાંઠમાં સહાય માટે આવેલી ટીમને પ્રજાના ખમીરનો પણ પરિચય થવા પામ્યો હતો.આ ગામોના લોકોએ સામેથી કહ્યું હતુંકે અમારે નુકશાન નથી થયું તો સહાય પણ નથી જોઇતી પણ તમે આ ગામોમાં જઇ આવો ત્યાં વધુ સહાયની જરૂર છે.કુદરતી આપત્તિમાં સદાયને માટે સેવા આપવા તત્પર સુરતની સુરત માનવસેવા સંઘ છાંયડો સંસ્થા અને સરગમ પરિવાર બનાસકાંઠામાં પુરમાં અસરગ્રસ્તોને મદદે આવી હતી.તેમના તરફથી અનાજની ૧૦૦૦ કીટનું વિતરણ છેલ્લા ત્રણ દિવસ દરમિયાન થરાદ, ધાનેરા, ડીસા, થરાની આજુબાજુનાં અસરગ્રસ્તોને કરવામાં આવ્યું હતું.તા ૩૦ જુલાઇથી ૦૧ ઓગસ્ટ એમ ત્રણ દિવસ સુધી વિતરણ કરવામાં આવેલી અનાજની કીટમાં ૫ કિલો ચોખા, ૫ કિલો ઘઉંનો લોટ, ૨ કિલો ખાંડ, ૧ કિલો તુવેર દાળ, ૧ કિલો મગની દાળ, ૧ લીટર સીંગતેલ, ૧ કિલો મીઠું, ૧૦૦ ગ્રામ ચા, ૨૦૦ ગ્રામ લાલ મરચું, ૧૦૦ ગ્રામ હળદળ, ૧૦૦ ગ્રામ ધાણાજીરું, ૧ પેકેટ મીણબત્તી, ૧ પેકેટ માચીસ જેવી સામગ્રી આપવામાં આવી હતી.

આ સેવાકીય કાર્યોમાં સરગમ બિલ્ડર્સનાં મનોજભાઇ પ્રજાપતિ તથા એમની ટીમ શૈલેષભાઇ, કિશોરભાઈ, ચિંતનભાઈ, હરીશભાઈ તેમજ ઉપેન્દ્રભાઈ એ ત્રણ દિવસ આ અસરગ્રસ્ત વિસ્તારોમાં ફરી કીટનું વિતરણ કરી સરાહનીય કાર્યો કર્યુ હતું.થરાદનાં ભરતભાઈ પ્રજાપતિ તથા ડીસાનાં સુરેશભાઈ પ્રજાપતિનાં માર્ગદર્શન હેઠળ આ સેવાકીય કાર્ય પાર પાડવામાં આવ્યું હતું.વધુમાં સુરતથી કીટ વિતરણ કરવા આવેલ સરગમ બિલ્ડર્સનાં મનોજભાઈએ જણાવ્યું હતું કે આ વિસ્તારનાં લોકોની પ્રામાણિકતા અને ઉદારતાનાં વખાણ કરવા જોઈએ, અસરગ્રસ્ત વિસ્તારમાં કીટનું વિતરણ કરવા ગયા ત્યારે સામેથી કેટલાક ગામનાં અસરગ્રસ્તોએ કીધું કે અમારે નુકશાન નથી થયું તો અમારે કીટ નથી જોઈતી.પણ ગામોના નામો આપી આ ગામોના લોકોને સહાયની ખુબ જ જરૂરીયાત છે તો તમે ત્યાં જાવ એવા શબ્દો પણ સાંભળવા કીટ વિતરણ દરમિયાન સાંભળવા મળ્યા હતા.

## ડીસાના રાજપુરમાં હડકાયા આખલાએ બે જણને ઘાયલ કર્યા

પ્રતિ. રાજપુર

ડીસાના રાજપુર, ગવાડીમાં છેલ્લા કેટલાક દીવસોથી આખલાઓનો ત્રાસ વધી ગયો છે. ત્યારે ગત રોજ સવારથી હડકાયા આખલાએ ધમાલ મચાવી બે જણાને ઘાયલ કરતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

ડીસાના રાજપુર વિસ્તારમાં સવારથી જ આખલાએ આંતક મચાવ્યો છે. સુકુનપાર્કથી માંડીને રાજપુર ખારાકુવા સુધી આખલાએ ધમાલ મચાવતા હાહાકાર મચાવી દેતા બે જણાને ઘાયલ કર્યા હતા જ્યારે રાજપુર ચાર રસ્તા નજીક આખલાને લીધે વાહનવ્યવહાર બ્લોક થઈ જવા પામ્યો હતો. આ અંગે રાજપુરના રહેવાસી મુસ્તકીમ મેમણે ડીસા ન.પા.માં જાણ કરવા છતાં કોઈ પકડવા ન આવતા ગ્રામજનોમાં રોષ વ્યાપી જવા પામ્યો હતો.

## જાખેલ ગામે વિજળી પડતાં ભેંસનું મૃત્યુ થતાં સહાય ચૂકવાઈ



પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના જાખેલ ગામે તા.૨૦/૭/ ૨૦૧૭ ના રોજ રાવળ ઈશ્વરભાઈ હરચંદભાઈની ભેંસ ઉપર વિજળી પડતાં મૃત્યુ પામી હતી. આથી કાંકરેજ તાલુકા પંચાયત દ્વારા ૩૦,૦૦૦ ની સહાયનો ચેક, તાલુકા ભાજપના મહામંત્રી કિશોરભાઈ પ્રજાપતિ, બક્ષી મોરચાના મહામંત્રી જશવંતભાઈ રાવળની ઉપસ્થિતિમાં આપવામાં આવ્યો હતો. આ સમયે ગામના સરપંચ અશોકભાઈ રાવળ, કાળાભાઈ બી.પટેલ, માદેવભાઈ પટેલ, વાવાભાઈ એન.જોષી, ડૉ.મનસુખભાઈ પ્રજાપતિ, દેવશીભાઈ પરમાર અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## બાપલા પી.એચ.સી.ની પ્રસંશનીય કામગીરી

પ્રતિનિધિ બાપલા

ધાનેરા તાલુકામાં આવેલા વધુ વરસાદ અને પુરના લીધે કેટલાક લોકો ઘરવિહોણા તો કેટલાક લોકો વરસાદના લીધે બિમાર જોવા મળ્યા હતા.જેમને ડીસા, ધાનેરા, પાલનપુર દવાખાને જવા માટે તમામ રસ્તાઓ તુટી જતા વાહનવ્યવહાર બંધ થઈ જવા પામ્યો હતો.એવા સંજોગોમાં બાપલાની પી.એસ.સી. દર્દીઓની મદદે આવી હતી.બાપલા પી.એસ.સી ના ડોક્ટર પાસવાન તથા સ્ટાફ નર્સ દ્વારા પ્રસંશનીય કામગીરી કરી વરસાદ દરમિયાન તા.૨૨-૦૭-૨૦૧૭ થી તા.૩૧-૦૭-૨૦૧૭ દરમિયાન ઓડીપી ના લગભગ ૪૧૨ કેસો તેમજ ડીલીવરીના ૧૭ કેસોમાં સફળ સર્જન કરી ડોક્ટરએ જોખમ લઈ નોર્મલ ડિલીવરી કરાવી હતી.તેમજ બાપલા પી.એસ.સી .ના ડોક્ટર દ્વારા આવેલ દર્દીઓને ફુડ પેકેટ અને ચાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.બાપલા પી.એસ.સી.ભારે વરસાદને પગલે તમામ રસ્તાઓ બંધ થતા બાપલા, વાછોલ, વક્તાપુર, કુંડી, રામપુરા, તથા રાજસ્થાનના ગામડાઓમાંથી આવેલા દર્દીઓને ખારા રણમાં મીઠી વિરડી સમાન બન્યું હતું.

## પિલુચાથી પુરગ્રસ્ત વિસ્તારોમાં રાહત સામગ્રીની કીટનું વિતરણ કરાયું



પ્રતિનિધિ પિલુચા

વડગામના પિલુચા ગામેથી અતિવૃષ્ટિના અસરગ્રસ્ત વિસ્તારોમાં જઈને રાહત(ઘર)સામગ્રીની કીટ બનાવીને વિતરણ કરવામાં આવ્યું હતું. ધાનેરા, કાંકરેજ, થરાદ, વાવ, લાખણી જેવા ગામડાઓ વરસાદથી ભારે પ્રભાવિત થતાં વ્યાપક પ્રમાણમાં જાનમાલનું નુકશાન થવા પામ્યું છે અને પ્રજાજનો લાચાર બની ગયા હતા.ત્યારે વડગામ તાલુકાના પિલુચા(ગણેશપુરા) ગામ તરફથી અંદાજે ૮૫,૦૦૦ હજાર જેટલો ફાળો ઉઘરાવીને ઘર સામગ્રીને લગતી તમામ ચીજવસ્તુઓ ખરીદીને અંદાજે ૩૦૦ જેટલી કીટ બનાવવામાં આવી હતી.અને કાંકરેજ તાલુકાના અતિ અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘરે જઈને વિતરણ કરવામાં આવ્યું હતું.જેમાં આનંદભાઈ ચૌધરી, અનિલભાઈ ભાવસાર, મોઘજીભાઈ ચૌધરી, ઉજમાભાઈ ચૌધરી તેમજ સમગ્ર પિલુચા(ગણેશપુરા)ગામ તરફથી સહયોગ મળ્યો હતો.

## વાવના સર્કલ ઓફિસરની બઢતી સાથે બદલી



તા.પ્રતિ વાવ

છેલ્લા સવા વર્ષથી વાવ મામલતદાર કચેરીના સર્કલ ઓફિસર વિનોદભાઈ એસ.કટારીયાની વાવ ખાતેથી ખેરાલુ મામલતદાર તરીકેની બઢતી સાથે બદલી કરાઈ છે. વાવ ખાતે સર્કલ ઓફિસર તરીકેની ઉમદા સેવા આપી રહેલ વી.એસ.કટારિયા બ.કાં. જિલ્લામાં પૂરવઠા, સપ્લાય, જમીન, ચૂંટણી, મતદારયાદી જેવા વિવિધ હોદ્દાઓ ઉપર ના.મામલતદાર તરીકે પણ સેવા આપી ચૂક્યા છે તેમની ૫૦ વર્ષની વયે મામલતદાર તરીકે ખેરાલુ મુકામે બઢતી સાથે બદલી કરાઈ છે. જેઓ નિવૃત્તિના સમય સુધી ડેપ્યુટી કલેકટર સુધી પ્રમોશન મેળવી વહીવટના કાર્યક્ષેત્રમાં અગ્રેસર રહેશે. તેમની બઢતી સાથે બદલી થતાં તેમના મિત્રવર્તુળમાં આનંદની લાગણી જોવા મળી છે.

## દશામાંને ભાવ પૂર્ણ વિદાય આપતા ડીસા વાસીઓ...

ડીસા

બનાસકાંઠા જિલ્લા માં દશામાં ના વ્રત નો મહિમા બહુ છે ત્યારે અને અનેક બેનો માં ભોળી દશામાં ના વ્રત કરતી હોય છે અને ૧૦ દિવસ વ્રત બાદ માતાજી ને હોંશે હોંશે વિદાય આપતી હોય છે અને માં.દશામાં બહેનો ની મન ની તમામ ઈચ્છાઓ પૂર્ણ કરે છે ત્યારે દર વર્ષ ની જેમઆજે ડીસા માં દશામાં ની મૂર્તિ વિસજન માટે બનાસ નદી માં આખોલ ગામ ના પાણી ન બોર દવારા પાણી છોડવા માં આવઠોય છે અને એ પાણી નાના ખાડા ખાબોચિયા ભરી નેએમાં મૂર્તિ વિસર્જન કરતી હોય છે બહેનો ત્યારે ઉપર વાસ માં.ભારે વરસાદી તથા બને ડેમો માં.પાણી ની સારી આવક થતા ડેમો દ્વારા વર્ષો થી કોરી ધાકોર પડી રહેલ બનાસનદી સજીવન થતા ડીસા વાસીઓમાં ખુશી છવાઈ જવા પામી હતી ત્યારે આજે માતાજી ૧૦ દિવસ પૃણ તથાઆજે માતાજી સાઢડિયો ની દશામાંની મૂર્તિ વિસર્જન માટે ડીસા ની બનાસ નદી માં બહેનો સવાર થી મૂર્તિ વિસર્જન માટે ઉમટી પડી હતી અને બહેનો એ મૂર્તિ વિસર્જન નદીમાં કરી હતી અને ડીસા તાલુકા પોલિસ દ્વારા ચુસ્ત પણે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

## ભારે વરસાદના કારણે સંઘના ગોડાઉનમાં પાણી ભરાયા



વિષ્ણુ દવે

થરાદ

થરાદ પંથકમાં જુલાઇના અંતિમ દિવસોમાં ભારે વરસાદના કારણે તબાહી જ તબાહી થવા પામી હતી.શહેરમાં આવેલા તાલુકા સહકારી ખરીદવેચાણ સંઘ ઉપરાંત માંગરોળ ગામમાં આવેલા સંઘના ગોડાઉનમાં પણ ભારે પાણી ભરાઇ જવા પામ્યું હતું.થરદા તાલુકા સહકારી ખરીદવેચાણ સંઘના ચેરમેન જીવરાજકાકાએ જણાવ્યું હતુંકે પાણીના ભરાવાના કારણે સંઘના ગોડાઉનોમાં પાણીના ભરાવાના કારણે તેમાં રહેલા ખાતર અને બિયારણના જથ્થાનો નાશ થવાથી પણ ભારે નુકશાન થવા પામ્યું હતું.

## રામપુરા ગામે પેપળું મઠના બાબુપુરી દ્વારા કરીયાણા તથા અનાજની કીટ વિતરણ



પ્રતિ. રામપુરા

વિનાસક પુરના કારણે રામપુરા ગામના અનેક ઘરોમાં પાણી ભરાઈ જતાં લોકોને બે ટંક ખાવનું પણ નથી બચ્યું. રાતના સમયે પાણી ઘરોમાં ઘુસી જતાં લોકો જીવ બચાવીને કોઈ મંદિરોમાં કોઈ પ્રા.શાળામાં આશરો લીધો હતો. ડીસા તાલુકાના પંચાયતના માજી પ્રમુખ અને પેપળું મઠના મહંત શ્રી સ્વામી બાબુપુરીજી દ્વારા તાત્કાલિક લોકોને પેપળું મઠ તરફથી રામપુરાના સીતેર જેટલા પરિવારોને અનાજ કરીયાણા તથા તમામ વ્યક્તિ દીઠ રૂા.૨૦૦ ની રોકડનું વિતરણ કર્યું હતું.

આ પ્રસંગે રામપુરા દૂધ મંડળીના મંત્રી પુનમાજી ચતરાજી જાટ, જાટ રામાજી, જાટ ચેતનજી, જાટ બાબુજી, માજી ડેલીગેટ ભૂરાભાઈ ભીલડીયા, જાટ બળવંતજી, જાટ હિમતાજી હાજર રહ્યા હતા.

## આર્ટસ કોલેજ, લવાણામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજયો



હસમુખ ચૌધરી

પ્રતિ. લવાણા

તા.૧/૮/૨૦૧૭ ને મંગળવારના રોજ આર્ટસ, કોલેજ, લવાણામાં એન.એસ.એસ.વિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જે પ્રસંગે કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ.યુ.કે.રાજપૂત, કોલેજના પ્રિન્સિપાલ વી.ટી.સાસુન, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડી.કે.રાજપૂત, કોલેજના અધ્યાપકઓ, એન.એસ.એસ. પ્રવૃત્તિના સ્વયંસેવકો અને કોલેજના વિદ્યાર્થીભાઈઓ તેમજ બહેનોએ બહોળી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને દિપાવ્યો હતો.

## કંબોઈ-ઉંબરી વચ્ચે બનાસ નદી પરના બ્રિજનો છેડો દબાતા તંત્ર દોડતુ થયું



પ્રતિનિધિ કંબોઈ

પાટણ-શિહોરી હાઈવે પર કંબોઈ પાસેથી બનાસનદી પસાર થાય છે.ત્યારે આ નદી પર વર્ષો અગાઉ બ્રિજ બનાવવામાં આવ્યો હતો.ત્યારે તા.૨૩/૦૭/૨૦૧૭ ના રાત્રે બનાસનદીમાં ભારે પુર આવવાના કારણે કંબોઈ તરફના બ્રિજનો એક ભાગ જર્જરીત થઈ બેસી જવા પામ્યો હતો.ત્યારે માર્ગ અને મકાન વિભાગ દિયોદર હરકતમાં આવી ગયુ હતું અને આ બ્રિજ પર વધારે ટ્રાફિક રહેવાના કારણે પોલીસ બંદોબસ્ત રાખી તાત્કાલિક સમારકામ કરવામાં આવ્યું હતું. તેમજ બ્રિજના નીચે ધોવાણ થવાથી માત્ર છુટા પથ્થરો નાંખ્યા છે, પણ તાત્કાલિક આ બ્રિજનું વ્યવસ્થિત સમારકામ નહી કરવામાં આવે તો મોટી હોનારત સર્જાય તેમ છે.

## વડગામ મૂકતેશ્વરમાં શ્રી દશામાની મૂર્તિ વિસર્જન કાર્યક્રમ સંપન્ન



પુષ્કર ગૌસ્વામી

તા.પ્રતિ વડગામ

લોકમાતા સરસ્વતી તટે મૂકતેશ્વર ડેમ સાઈડે મંગળવાર રાત્રીથી બુધવાર સાંજ સુધી શ્રી દશામા મૂર્તિ વિસર્જન કાર્યક્રમમાં ઉત્તર ગુજરાતના ભાવિકો ઉમટી પડ્યા હતા. મૂકતેશ્વર સિંચાઈ ના.કા.ઈ. અરવિંદભાઈ આઈ.પટેલ, રાકેશભાઈ ચૌધરી, અકબરભાઈ ઘોરી, સિકયોરીટી સ્ટાફે પિવાનું પાણી ટ્રાફિક વ્યવસ્થા, લાઈટીંગ વગેરે પ્રાથમિક સગવડો પુરી પાડી સુંદર આયોજન કર્યું હતું.

## બોડાલ ગામે પુર અસરગ્રસ્તોને કેશડોલ અપાઈ



પ્રતિનિધિ ભીલડી

બનાસકાંઠામાં આવેલ ભારે વરસાદના કારણે તંત્ર દ્વારા પુર અસરગ્રસ્તોને નિભાવ પેટે રોકડમાં કેશડોલ આપવામાં આવી રહી છે.

ત્યારે ડીસા તાલુકાના બોડાલ ગામે પણ કેશડોલનું વિતરણ ચાલુ છે. તલાટીકમમંત્રી જયેશભાઈ હીરવાણીયા, શાળાના આચાર્ય જયેશભાઈ જોષી, ઉશી રાજુભાઈ પ્રજાપતિ દ્વારા ઘરે ઘરે જઈને લોકોને કેશડોલ આપવામાં આવી રહી છે.બોડાલગામે મુડેઠા જિલ્લા પંચાયત સીટના ઈન્ચાર્જ અને ભાજપ અગ્રણી મહેશભાઈ એન.મોદીના હસ્તે લાભાર્થીઓને કેશડોલ આપવામાં આવી હતી.આ પ્રસંગે ગામના સરપંચ રામજીજી ઠાકોર ભાજપ અગ્રણી રઘુભાઈ ટી.રાજગોર, સ્વરૂપજી ઠાકોર વગેરે હાજર રહ્યા હતા.

## ડીસા બનાસ નદીમાં દશામાની મૂર્તિનું વિસર્જન કરાયુ



નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

દસ દિવસ દશામાની સાંઢણી - મૂર્તિઓને ઘરે સ્થાપના કરી મહિલાઓ દ્વારા દસ દિવસ સુધી વ્રત - ઉપવાસ - ભજન - કિર્તન - આરતી પૂજન કરી ઘરને પવિત્ર વાતાવરણમાં રાખી શ્રધ્ધા - ભક્તિ ભાવપૂર્વક દશામાના વ્રતની પૂર્ણાહુતિ કરાઈ હતી. દશમાં દિવસે બનાસ નદી દશામાની મૂર્તિનું વિસર્જન કરવા વહેલી સવારેથી લોકોની ભીડ જામવા લાગી હતી. આખોલ મિત્ર મંડળ દ્વારા નદીમાં જતાં રસ્તા પર સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારે શ્રધ્ધાળુઓએ માતાજીને ભાવપૂર્ણ હૃદયે વિદાય આપતા માતાજીની મૂર્તિને નદીના પાણીમાં પધરામણી કરી હતી.

### બનાસકાંઠા-પાટણ ...

પાના નં.૧ ચાલુ

હવે માત્ર ૫૦ માર્ગોની દુરસ્તીમનું કામ હાથ પર છે. અતિવૃષ્ટિવથી ૭૪૫ ગામોમાં પીવાના પાણી પુરવઠાને ગંભીર અસર પહોંચી હતી. વહીવટી તંત્રની ભારે જહેમત પછી આજે ૬૯૪ ગામોમાં પાણી પુરવઠો નિયમીત થઇ ગયો છે. માર્ગો પર પાણી ફરી વળતાં અને માર્ગોને નુકશાન થતાં એસ.ટી. પરિવહનના ૧૦૫૩ રૂટને અસર થઇ હતી. આજે હવે આ બંને જિલ્લાઓમાં તમામ રૂટ પર બસ વ્યમવહાર પૂર્વવત્ થઇ ગયો છે.

બનાસકાંઠા અને પાટણમાં અગાઉ કયારેય ન અનુભવાયું હોય એવું પૂર આવ્યું. કુદરતનો કહેર વરસ્યોન તો સામે ગુજરાતના સંવેદનશીલ મુખ્યવ મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાત્કાકલિક રાહત અને હવે સહાયની મહેર વરસાવી છે. મુખ્યર મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ બનાસકાંઠા અને પાટણ જિલ્લાની મુલાકાત લીધી. પરિસ્થિુતિનો તાગ મેળવીને તેમણે રાહત કામગીરીને વધુ પ્રભાવક અને વેગવાન બનાવવા પાંચ દિવસ માટે પૂરગ્રસ્તય વિસ્તોરોમાં જ રોકાઇ જવાનો નિર્ણય લીધો. મુખ્યા મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે ૧૦ મંત્રીશ્રીઓ અને રાજયના વરિષ્ઠર સનદી અધિકારીઓ પણ પૂરગ્રસ્તા વિસ્તામરમાં રાહતકાર્યોમાં જોડાઇ ગયા. પાંચ દિવસો દરમિયાન મુખ્ય. મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી બનાસકાંઠા- પાટણના અતિવૃષ્ટિોગ્રસ્ત. વિસ્તા રોમાં હજ્જારો લોકોને મળ્યા. ગામેગામ જઇને લોકોની વ્યાથા-વિતક સાંભળી, ખેતી, જમીન, વેપાર-ધંધા વગેરેને થયેલા નુકશાનની જાણકારી મેળવી, લોકોની પીડાની સંવેદના અનુભવી અને વહીવટીતંત્રને પરિસ્થિવતિને પૂરઝડપે થાળે પાડવા સૂચનાઓ આપી. પરિણામે બનાસકાંઠા અને પાટણમાં ખૂબ ઝડપથી સ્થિિતિ સામાન્યપ થવા જઇ રહી છે.

બનાસકાંઠા-પાટણમાં પૂરગ્રસ્તોથને કેશડોલ્સસનું વિતરણ શરૂ થઇ ગયું છે. ઘરવખરી સહાય પહોંચવા માંડી છે. પશુમૃત્યુસ સહાયનું વિતરણ પણ શરૂ થઇ ગયું છે. ખેતીવાડી, જમીન, પાક, વેપાર-વ્યવસાય, રોજગારને થગયેલા નુકશાનનું વૈજ્ઞાનિક ઢબે સર્વેક્ષણ હાથ ધરાયું છે.

અતિવૃષ્ટિાને કારણે બનાસકાંઠા અને પાટણ જિલ્લા પર આવી પડેલી અભૂતપૂર્વ આફત પછી આ બન્નેટ જિલ્લામાં પરિસ્થિાતિને પૂર્વવત્ કરવા વિશેષ સહાયની અનિવાર્યતા જણાઇ છે. મુખ્ય મંત્રી શ્રી વિજય રૂપાણીએ નાયબ મુખ્યસ મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, મહેસૂલ મંત્રી શ્રી ભૂપેન્દ્ર સિંહ ચુડાસમા અને રાજયના વરિષ્ઠ્ અધિકારીઓ સાથે બેઠક કરીને બનાસકાંઠા અને પાટણ જિલ્લા માટે અત્યોમર સુધીનું સૌથી ઉદાર રાહત સહાય પેકેજ તૈયાર કર્યું છે. બનાસકાંઠા અને પાટણ જિલ્લા માટેના રૂા. ૧,૫૦૦ કરોડના રાહત સહાય પેકેજની જાહેરાત કરતાં મુખ્યા મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યુંત હતું કે, પૂરગ્રસ્તજ વિસ્તાારો માટેના નિયત ધારાધોરણો કરતાં કયાંય વધારે રકમની સહાય બનાસકાંઠા-પાટણની પૂરપીડિત પ્રજાને આપવાનો નિર્ણય લેવાયો છે. પૂરથી પીડિત પ્રજાને સરકાર તરફથી મહત્તરમ સહાય સ્વણરૂપે સાંત્વાના આપવાનો મારો પ્રયત્નછ છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, ઉદાર અને ઉત્તરમ પૂરરાહત સહાય પેકેજથી બનાસકાંઠા અને પાટણ જિલ્લાનું જનજીવન ઝડપથી સામાન્યમ તો થશે જ સાથોસાથ બંને જિલ્લાની પ્રગતિનું નવું પ્રકરણ આલેખાશે.

મુખ્યપ મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પેકેજની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, કૃષિ અને જમીન સુધારણા માટે રૂા. ૧,૩૧૧ કરોડ, વીજળી માટે રૂા. ૭૫ કરોડ, પશુ સહાય અને પશુપાલન માટે રૂા. ૨૦ કરોડ, વેપાર-વ્યાવસાય-ઉદ્યોગો માટે રૂા. ૧૫ કરોડ અને મહેસુલ વિભાગ હસ્તરકની યોજનાઓ માટે રૂા. ૭૯ કરોડની સહાય અપાશે. તેમણે જણાવ્યું હતું કે, સ્ટે૧ટ ડિઝાસ્ટેર રિસ્પોન્સા ફંડ- એસ.ડી.આર. એફ.ના ધારાધોરણ કરતાં મોટા ભાગના ક્ષેત્રોમાં બમણી સહાય આપીને પાટણ-બનાસકાંઠાને ખૂબ જ ઝડપથી બેઠા કરવાનો રાજ્ય સરકારનો પ્રયત્નર છે. ભારે વરસાદને કારણે બનાસકાંઠા-પાટણ જિલ્લાનમાં ખેતીવાડી-કૃષિનું જે નુકશાન થયું છે તેમાંથી ધરતીપુત્રોને પુનઃ બેઠા કરવા રાજ્ય સરકારે અંદાજે ૩૦૦ કરોડ રૂપિયાનું સહાય પેકેજ આપવાનો નિર્ણય કર્યો છે. એટલું જ નહી, ખેડૂતોને પાક નુકશાન માટે અપાતી પ્રવર્તમાન સહાયના ધોરણોમાં પણ વધારો કર્યો છે. પ્રવર્તમાન સહાય ધોરણોમાં બે હેકટરથી વધુ જમીન ધરાવતા ખેડૂતોના કિસ્સા?માં એસ.ડી.આર.એફ.માંથી કોઇ જ નુકશાની વળતર મળતું નથી.

મુખ્ય્ મંત્રીશ્રીએ બનાસકાંઠા-પાટણની ભારે વરસાદની સ્થિવતિની વ્યાસપકતા જોતાં પ્રથમવાર મોટા ખેડૂતોને પણ જમીન ધોવાણ સહાય આપવાનો નિર્ણય કર્યો છે. એટલું જ નહી, નદીના વહેણ બદલાવાથી જે ખેડૂતોની જમીન ધોવાણ થયું છે તેમને પણ નુકશાની સહાયની યોજના પ્રથમવાર મુખ્યબ મંત્રીશ્રીએ જાહેર કરી છે. રાજ્ય સરકારના આ ઉદાર સહાય ધોરણોથી ખેડૂતોને ઘણો આર્થિક આધાર મળશે અને અંદાજે ૭૦૦ કરોડ રૂપિયા જેવી રકમ રાજ્ય સરકારના બજેટમાંથી આ માટે ફાળવાશે.

રાજ્ય સરકારે ખેડૂતોને આ રાહત-સહાય પેકેજ ઉપરાંત બનાસકાંઠા અને પાટણમાં પાક નુકશાન અને જમીન ધોવાણથી અસરગ્રસ્તત તાલુકાઓના ખેડૂતોને કૃષિ વીજ બિલમાં ત્રણ મહિનાની માફી આપવાનો પણ નિર્ધાર કર્યો છે. આ માટે રાજ્ય સરકાર ૭૫ કરોડનો બોજો ભોગવશે. ખેડૂતો, અસરગ્રસ્તો ને તેમને મળનારી નુકશાન સહાયની રકમ સીધી જ તેમના બેન્કો ખાતામાં જમા થાય તેવી પારદર્શી વ્યરવસ્થાન પણ સુનિશ્ચિત કરી છે.

આ નુકશાનીના સર્વે માટે ૧૩૦ ટીમો અસરગ્રસ્તસ વિસ્તાછરોમાં સર્વે ૧૦ દિવસમાં પૂર્ણ કરશે. આ માટે જીઓટેગીંગ સાથે ચોકસાઇપૂર્વકનો સર્વે હાથ ધરાયો છે. ભારે વરસાદ અને પૂરના અસરગ્રસ્તવ વિસ્તા ર માટે રાજ્ય સરકારે આ આર્થિક સહાય અને પુનઃવસન પેકેજ પણ નક્કી કર્યું છે.મુખ્યર મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ધાનેરામાં પૂરના પાણીના પ્રવાહને કારણે એ.પી.એમ.સી.માં બે-બે ફૂટ જે પાણી ભરાયા અને નગરમાં પણ કાદવ-ગંદકી થઇ તેનાથી રોગચાળો ફેલાય નહી તેની તકેદારી પણ રાજ્ય સરકારે રાખી છે.

તેમણે કહ્યું કે, આ હેતુસર સુરત મહાનગરપાલિકાના કમિશનર શ્રી એન. થેન્નારદરસનના નેતૃત્વહમાં ૪૦૦ ઉપરાંત કર્મયોગીઓને ધાનેરામાં વિશેષ ફરજ સોંપીને ૫૦ જેસીબી, ૫૩ ડમ્પસર, ૪૦ ટ્રેકટર દ્વારા ત્રણ જ દિવસમાં ૯ હજાર ટન કચરાનો નિકાલ કરાવી દીધો છે. વિજયભાઈ રૂપાણીએ સ્પવષ્ટ૯પણે જણાવ્યુ્ંં કે, ઉત્તનર ગુજરાતના આ બે જિલ્લા પર આવી પડેલી વરસાદી આફતમાં બચાવ-રાહત અને પૂનર્વસન કામગીરીમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રતભાઈ મોદીનું સતત માર્ગદર્શન મળતું રહ્યું છે.

એન.ડી.આર.એફ., લશ્ક ર, બી.એસ.એફ.. એરફોર્સ જેવી કેન્દ્રી ય એજન્સીરઓએ પણ ગુજરાતમાં આ કટોકટીની પળે બચાવ રાહત કાર્યો ઉપાડી લઈને ગુજરાતને સધિયારો-હૂંફ આપ્યા છે. હવે આ ઉદારત્તેમ સહાય પેકેજના પરિણામે બનાસકાંઠા-પાટણ જિલ્લામાં જનજીવન અતિગતિએ પૂર્વવત થઈ જશે એવો વિશ્વાસ શ્રી વિજયભાઈ રૂપાણીએ દર્શાવ્યો હતો.

બનાસકાંઠા-પાટણના ખમીરવંતા નાગરિકોની દિલેરી તેમજ વિપદાની વેળામાં પણ હિંમત-ધૈર્યથી મુકાબલો કરવાના સ્વરભાવથી પૂરના પ્રકોપ સામે પુરુષાર્થથી વિજયી બનીને આ બંને જિલ્લાઓને પહેલાથી પણ અધિક સવાયા સુવિધાસભર બનાવવા છે તેવો મક્કમ નિર્ધાર વ્યીક્ત કર્યો હતો.

આ રાહત-સહાય પેકેજની જાહેરાત વેળાએ નાયબ મુખ્યે મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી અને મુખ્ય સચિવશ્રી ડૉ. જે. એન. સિંઘ સહિત વરિષ્ઠએ સચિવો ઉપસ્થિ ત રહ્યા હતા.

### થરાદની નરસિંહનગર...

પાના નં.૩ ચાલુ

જેમાં જણાવ્યું હતુંકે તા.૨૪ મી જુલાઈથી શિક્ષણકાર્ય બંધ છે.શાળામાં આજે પણ બે ફુટ જેટલું પાણી છે.શાળાનો સ્ટાફ શાળાની સાફસફાઇ કરી રહ્યો છે પણ પાણીના કારણે બાળકો શાળામાં આવી શકે તેમ નથી.આથી વાલીઓમાં પણ બાળકોના બગડતા અભ્યાસને લઈને ભારે ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.જાગૃત વાલી હિંમતભાઇ પંડ્યાએ જણાવ્યું હતુંકે તંત્ર દ્વારા શાળામાંથી પાણીના નિકાલની કામગીરીને પ્રાથમિકતા આપવી જરૂરી છે.શાળા આજુબાજુના વિસ્તારોમાં પણ પાણી ભરાયેલાં છે.આથી તેનો પણ તાકીદે નિકાલ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

### દશા શ્રીમાળી...

પાના નં.૩ ચાલુ

ભીખુભાઈ જોષી, ગણપતભાઈ પ્રજાપતિ, રવિ પ્રજાપતિ, રાજુભાઈ જોષી, રાજુભાઈ દરબાર, દેવુભા દરબાર, ભાવેશ જોષી, ભરત જોષી, મયુર સોની, ઓમ શાહ, આશિષ શાહ છેલ્લા પાંચ દિવસથી સંપર્ક વિહોણા ગામોમાં બોટ અને હેલીકોપ્ટર મારફત પૂરપીડિતોને રૂબરૂ કીટનું વિતરણ કર્યું હતું.

### બનાસકાંઠા જિલ્લામાં...

પાના નં.૩ ચાલુ

આ બાબતે તેમણે વધુ જણાવ્યું હતું કે આવા સામુદાયિક ભવન બનતા લોકોને કુદરતી આફતો આવે ત્યારે તેમણે તમામ સુવિધાઓ ખુબ ઝડપથી મળી રહે તે માટે ઉપયોગી બનશે. આ ઉપરાંત આવા કેન્દ્રો પરથી લોકઉપયોગી કાર્યો પણ સતત થતા રહેશે. ત્યારે ડીસા તાલુકાના દામા અને વડાવળ ગામે સામુદાયિક ભવનના ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. ગાયત્રી પરિવાર શાન્તિકુંજ હરિદ્વારના આપદા પ્રબંધન વિભાગ હેઠળ તૈયાર થનાર શ્રીરામ શર્મા આચાર્ય સામુદાયિક કેન્દ્રનું સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં નિર્માણ થનાર છે. ત્યારે ડીસા તાલુકાના દામા અને વડાવળ ગામમાં આપદા પ્રબંધન વિભાગના પ્રતિનિધિ રાકેશજી જયસ્વાલ, ગુજરાત પ્રભારી દિનેશભાઈ ગુજરાત ઝોનલ વિભાગમાંથી કનુભાઈ પટેલ ગાયત્રી પરિવાર બનાસકાંઠામાંથી ગીરીશભાઈ પટેલ (પાલનપુર) અને વસંતભાઈ ઠક્કર (ડીસા) ની હાજરીમાં ગતરોજ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જેમાં બન્ને ગામમાં મોટી સંખ્યામાં ગ્રામજનો સહિત ગાયત્રી પરિવારના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### પાલનપુર ખાતે ..

પાના નં.૮ ચાલુ

આજીવિકાના આધાર સ્થંભ એવા મૃતક ગાય-ભેંસની સહાયમાં વધારો કરવાની માંગ કરી હતી. તેઓએ ખેતીની જમીન નું વ્યાપક ધોવાણ થયું હોઈ ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવવાની પણ માંગ કરી હતી. પાલનપુરથી બનાસકાંઠા ના પુર પીડિતો માટેની રાહત સામગ્રી રવાના કર્યા બાદ પ્રવીણ તોગડીયા કાંકરેજ અને થરાના અસરગ્રસ્તોની મુલાકાત માટે રવાના થયા હતા. બનાસકાંઠા મા પુર પીડિતો ની મુલાકાતે આવેલા કોંગ્રેસ અને ભાજપના નેતાઓ એકબીજા પર ટિપ્પણી કરવાનું ચુક્યા નથી. ત્યારે આ રાજનીતિ કરવાનો સમય ન હોવાની માર્મિક ટકોર પણ ડૉ. પ્રવીણભાઈ તોગડીયાએ કરી હતી. આ પ્રસંગે વી.એચ.પી.ના પ્રદેશ અગ્રણી રણછોડભાઈ ભરવાડ તથા જિલ્લા અગ્રણી દિનેશભાઈ અવાના, કેતનભાઈ ગુપ્તા, રજનીશ બાપના સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

### ધાનરાને પુરના..

પાના નં.૮ ચાલુ

ભરખી ગયું અને શહેરને કરોડો રૂપિયાનુ નુક્શાન કરતું ગયું. આખરે તેની પાછળ કોણ છે ? તેની વાત કરીએ તો જેતપુર ડેમમાં પાણી ઓવરફ્લો થતા ડેમમાં ત્રણ જગ્યાએ ગાબડા પડી ગયા હતા અને જેમાં એક ગાબડું ૨૦૦ મીટર પહોળું જ્યારે બીજા બે ગાબડા ૫૦ થી ૧૦૦ મીટર વચ્ચે પડેલા હતા.

રાજસ્થાનના વહીવટી તંત્રની, બેદરકારીનો આક્ષેપ રાજસ્થાનના જેતપુરા તેમજ રાનીવાડા ગામના લોકો પણ કરી રહ્યા છે જેમાં રાજસ્થાન સરકાર દ્વારા ડેમના બાંધકામ બાદ તેનું ક્યારેય સમારકામ કરવા અવતા નહોતા તેવું જણાવ્યું હતું. ધાનેરાને તબાહ કરનાર કારણો માટે રાજસ્થાનનું વહીવટીતંત્ર જવાબદાર છે. અથવા તો તેનો ડેમપરનો ચોકીદાર જવાબદાર છે. કારણ ગમે તે હોય પરંતુ હાલની પરિસ્થિતિમાં પુરના પાણીએ ધાનેરાને તબાહ કરી નાખ્યું છે અને ૨૧ લોકોએ જીવ ગુમાવ્યો છે અને વર્તમાન પરિસ્થિતીની વાત કરીએ તો જે ધાનેરા પહેલા હતું તેવુ ફરી ઉભું થતા વર્ષો લાગી જશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. હવેજોવું એ બંને કે ગુજરાત સરકાર દ્વારા બેદરકારી વાળા તત્વો સામે ક્યારે કાર્યવાહી હાથ ધરે છે કે કેમ...?

**ડેમની દિવાલોમાં છીંડા**

ડેમની ફરતે જે રેતીની દિવાલ છે તેમાં ઉંદરોએ દર બનાવી દીધા છે જેના કારણે દિવાલો નબળી પડી હતી અને ડેમ તુટી ગયો હતો.

**ડેબના દરવાજા અને દિવાલોના સમારકામમાં બેરદકારી**

સ્થાનીક લોકોએ વહીવટીતંત્ર પર એવો આક્ષેપ કર્યો હતા કે ડેમના દરવાજાનું સમારકામ ક્યારે કરવામાં આવ્યું નથી. જેના કારણે દરવાજા કાટ ખાધેલી હાલતમાં હોવાથી ખુલી શક્યા નહી. અને ડેમ તુટી ગયો હતો.

**સ્થાનીક લોકોનો વહીવટીતંત્ર તેમજ ચોકીદાર ઉપર આક્ષેપ**

ડેમના થોડા અંતર દુર રહેતા અને રાણીવાડા મેમોરીયલ કોલેજના પ્રિન્સીપાલ રગુનાથ વિશ્નોઈએ જણાવ્યું હતું કે વહીવટીતંત્ર દ્વારા ભારે વરસાદ પડ્યો છે. અને ઉપરવાસનું પાણી ડેમમાં આવવાનું છે તેવી જાણ પણ લોકોને કરવામાં આવી નહોતી. અને જ્યારે ડેમ તુટ્યો ત્યારે કોઈપણ તંત્રના અધિકારીઓ ફરક્યા પણ નહોતા. તો જેતપુર ગામના સ્થાનીક લવજીરામનું કહેવું છે કે ડેમમાં ઉપરવાસમાંથી પાણી આવી રહ્યું હતું. ત્યારે ગામ લોકો ભેગા મળી ડેમના ચોકીદાર પેપસીંગને ડેમના દરવાજા ખોલવાનું કહ્યું હતું. પરંતુ તે સમયે ચોકીદાર નશામાં હતો અને જમીને દરવાજો ખોલું છું તેમ કહી સમય વેડફાતા ડેમમાં ગાબડા પડી ગયા હતા.

### બનાસકાંઠાને બેઠો...

પાના નં.૮ ચાલુ

સમીક્ષા કરી હતી. જેથી એન.ડી.આર.એફ., આર્મી અને બી.એસ.એફ. દ્વારા બચાવ કામગીરી તાત્કાલિક શરૂ કરી દેવાઈ હતી. એ પછી વડાપ્રધાને પણ પુરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ એક ઝાટકે ૫૦૦ કરોડ ફાળવતા રાહત કામગીરી પણ વેગવંતી બની ગઈ છે. ખુદ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને ૧૯ મંત્રીઓના માર્ગદર્શનથી ધાનેરામાં સુરત પાલિકાના કમિશ્નરના નેતૃત્વ હેઠળ ૫૦ થી વધુ જે.સી.બી અને અદ્યતન મશીનરી દ્વારા સફાઈ થઈ રહી છે. તેથી હવે ધીમે ધીમે જનજીવન થાળે પડવા લાગ્યું છે. તેમાં રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી, દિલીપભાઈ ઠાકોર અને કેશાજી ચૌહાણ પણ અસરગ્રસ્તોની પડખે રહ્યા હોવાનું ઉમેર્યું હતું.

પ્રશ્ન- ૨૦૧૫ બાદ ફરી પૂરે તબાહી સર્જી છે ત્યારે સરકાર દ્વારા પૂરને નાથવા કોઈ નક્કર આયોજન?

જવાબ- વર્ષો બાદ વરસાદની સિસ્ટમ બનાસકાંઠા તરફ 'ડાયવર્ટ' થઈ છે. ત્યારે બનાસકાંઠાના ૨૫ ગામ દર વખતે પૂરનો ભોગ બને છે. જેથી વારાફરતી આ તમામ ગામોને સલામત સ્થળે ખસેડવાનું સરકારનું આયોજન છે. જે ભગીરથી કાર્યમાં પૂરગ્રસ્તો માટે સહાયની સરવાણી વહાવતા સામાજીક, ધાર્મિક, સેવાભાવી સંસ્થાઓ અને સખાવતી દાતાઓનો આભાર વ્યક્ત કરી હવે પુનઃવસનમાં પણ જોતરાવાની અપીલ કરી ખાસ કરીને અમદાવાદ, સુરત અને મુંબઈ વસતા બનાસવાસીઓને વતનનું ઋણ ચુકવવા યોગ્ય સમય હોવાનું ઉમેરી ટીપે ટીપે સરોવર ભરાય તેમ તમારા દાનરૂપી ટીપાથી બનાસકાંઠા ફરી બેઠો થઈ શકે છે.

પ્રશ્ન- બેહાલ બનાસકાંઠાને બેઠો કરવા 'ટેક્ષ ફ્રી ઝોન' જાહેર કરવાનું આયોજન ખરૂં ?

જવાબ- સરકારે જિલ્લાને આપત્તિગ્રસ્ત જાહેર કરી દીધો છે અને વિશેષ રાહત પેકેજ પણ ફાળવાશે પરંતુ જિલ્લામાં ઔદ્યોગિક એકમોનો અભાવ છે. તેથી જિલ્લામાં ઔદ્યોગિક ટેક્ષ ફ્રી જાહેર કરવા કેન્દ્રમાં રજુઆતો કરીશું.

પ્રશ્ન- રાજસ્થાની પૂરથી અવારનવાર તારાજી થાય છે ત્યારે પૂરના પાણી રોકવા ચેકડેમ જેવું કોઈ આયોજન છે?

જવાબ- કુદરતી પ્રકોપ રોકી શકાતો નથી પરંતુ પૂરનું પાણી ચેકડેમ કે નર્મદા કેનાલમાં ડાયવર્ટ થઈ શકે તેવી શક્યતા તપાસવા નિષ્ણાંત ઈજનેરોની મદદ લેવાશે.

પ્રશ્ન- ખેતરોના ધોવાણથી ખેડૂતોને સહાય ચૂકવાશે?

જવાબ- સરકાર તમામ પૂરગ્રસ્તોને તમામ પ્રકારની મદદ કરશે. ખેતરો ધોવાતા થયેલ નુકશાન પણ સર્વે કરી ખેડુતોને ચૂકવાશે. સરકાર વાતો નહીં અમલીકરણમાં માને છે. પુરપ્રકોપમાં પણ સરકારે સર્વપ્રથમ માણસો મરે નહીં અને કોઈ ભૂખ્યું ન રહે તેને પ્રાથમિકતા આપી સંવેદનશીલતા દાખવી હતી.

પ્રશ્ન- રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપનો દેખાવ કેવો રહેશે?

જવાબ- કુદરતી આફત હોય કે ગમે તેવો પ્રશ્ન હોય ભાજપ સરકાર અને તેના કાર્યકરો પ્રજાની પડખે રહે છે. સોનિયા ગાંધીએ પુત્ર મોહમાં દેશમાં કોંગ્રેસ ડુબાડી છે અને હવે અહેમદભાઈ પટેલ તેમની સીટ બચાવવા રાજ્યમાં કોંગ્રેસ ડુબાડી રહ્યા છે. આપત્તિ સમયે પણ કોંગ્રેસના પ્રતિનિધિઓ પ્રજાની પડખે રહ્યા નથી. તેથી ભાજપનો જનાધાર વધતો જાય છે. જેના કારણે રાજ્ય સભાની ત્રણેય બેઠક ભાજપ બહુમતિથી જીતશે તેવો દાવો કર્યો છે.

### ઓલ ઈન્ડીયા..

પાના નં.૮ ચાલુ

સીએચક્યુ દ્વારા આપવામાં આવેલ એલાનને બનાસકાંઠાનું સંપુર્ણ સમર્થન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

બનાસકાંઠા પોસ્ટલ સુપ્રિન્ટેન્ડેન્ટ એચસીજોષી એ દરેક કર્મચારીઓને આપસમાં ભાઈચારાની ભાવના કેળવીને સાથ સહકાર આપવાની વાત કરી હતી.આ પ્રસંગે નવિન કારોબારીની રચના કરાતાં પ્રમુખ તરીકે થરાદના ઘેવરદાસ સાધુ (કમાલી)ની ચોથી વખત પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી.સેક્રેટરી તરીકે ભીખાભાઇ પ્રજાપતિ,ઉપપ્રમુખ ભુપેન્દ્રભાઇ ધાળા,ભગવાનભાઇ પ્રજાપતિની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં ઉદારામભાઇ જોષી,ગુજરાત પ્રદેશ વક'ગ પ્રમુખ ઘેવરદાસ સાધુ,સર્કલ સદસ્ય ભીખાભાઇ પ્રજાપતિ સહિત બહોળી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કેશડોલ્સ આપો...

પાના નં.૮ ચાલુ

મળતી હોય તો તેમના વિસ્તારમાં મકાનો પડવા છતાં પણ કેમ નહી? તથા અસર ન થવા છતાં પણ કેશડોલ્સ મળે તો પછી દરેકને મળે તેવી રજુઆતો કરીને કેશડોલ્સ કોઇ પણ જાતના અન્યાય વગર દરેકને આપવાની માંગણી કરી હતી.જોકે ત્યાં ઉપસ્થિત ચીફઓફીસર રૂડાભાઇ રબારીએ તેમનો વિસ્તાર ઉંચાણવાળા ભાગમાં હોવાના કારણે ત્યાં પાણીનો ભરાવો ન થતો હોઇ માણસોનાં ટોળાં લઇને ન આવવાનું કહેતાં બંન્ને વચ્ચે ચકમચ પણ ઝરવા પામી હતી.ના.કલેક્ટરે કોઇને પણ ખોટી સહાય આપવામાં નહી આવે અને આપનાર સામે પગલાં ભરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

જ્યારે થરાદ તાલુકાના પુરમાં અતિપ્રભાવિત પેપરના ગ્રામજનો પણ ટ્રેક્ટર લઇને દોડી આવ્યા હતા.જેમણે લેખિત અને મૈખિક રજુઆત કરતાં જણાવ્યું હતુંકે તેમના ગામમાં રેલનદીનું પાણી આવતાં ૪૦ ટકા લોકોને ઘરવખરી અને ૯૦ ટકાને કેશડોલ્સ મળવાપાત્ર છે.જોકે સર્વે કર્મચારીઓ દ્વારા ૨૧૦ની વસ્તી સામે ૧૯૦ ફોર્મ ભરવા છતાં પણ માત્ર પચ્ચીસેકને જ સહાય ચુકવણું કર્યું હતું ત્યાર બાદ તેમને રોકડ સહાય કે ભરેલા ફોર્મ પણ પરત નહી આપતાં તેમના દ્વારા રખેને તેમની સહાયનું બારોબારીયું થવાની દહેશતથી તેમણે મામલતદારને રજુઆત કરી હતી.તંત્રએ તેમના ગામને સો ટકા કેશડોલ્સ મળશે તેવી ખાત્રી આપતાં ગામલોકો પરત ગયા હતા.

### પુર પ્રકોપની પરિસ્થિતિના...

પાના નં.૮ ચાલુ

જણાવ્યું હતું કે આપત્તિના આ કપરા સમયમાં સરકાર તમારી સાથે છે. તમારા દુઃખમાં સહભાગી થવા આવ્યો છું, આવનાર પંદર દિવસમાં ગ્રામજનોના પુરૂષાર્થથી પેદાશપુર ગામને સવાયુ અને સુવિધાયુક્ત બનાવાશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સરકારની સજાગતાથી પ્રાથમિક અને માળખાકીય સેવાઓ પુર્વવત થઇ રહી છે. બચાવ કાર્ય દરમિયાન ૨૦ હજારથી વધુ લોકોને રેસક્યુ કરી બચાવી લેવાયા છે. અસરગ્રસ્ત ગામોમાં વીજળી અને પાણીની સેવાઓ પૂર્વવત થઇ રહી છે. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે સૌથી વધુ પૂર પ્રકોપની પરિસ્થિતિ આ વિસ્તારમાં થઇ છે. પુરની આ સ્થિતિમાં ગ્રામજનોનો સહકાર અને સંપ દિલેદારી છે. આરોગ્ય મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે પ્રતિકૂળ વાતાવરણમાં પણ મુખ્યમંત્રીશ્રીએ પુર સમયે આપણી સાથે રહી સંવેદના વ્યકત કરી હતી. બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ૧૨ જેટલા હેલીકોપ્ટરની વ્યવસ્થા કરી લોકોના જીવ બચાવ્યા છે. સ્થાનિક ગ્રામજનોએ જણાવ્યું હતુ? કે ઇતિહાસમાં પુર પ્રકોપની આ પ્રકારની પરિસ્થિતિમાં દુખમાં સહભાગી થવા માટે ઇતિહાસમાં પ્રથમ વાર કોઇ મુખ્યમંત્રીશ્રીએ ગામની મુલાકાત લીધી છે. મુખ્યમંત્રીશ્રીની આવા નાનકડા ગામની મુલાકાત તેમની સંવેદના જણાઇ આવે છે. ધારાસભ્ય શ્રી નાગરજી ઠાકોરે જણાવ્યું હતું કે પેદાશપુર ગામમાં આવી મુખ્યત્રીશ્રી આપણા દુખમાં સહભાગી બન્યા છે. પૂર પ્રકોપની સ્થિતિથી જે નુકશાન થયું છે તેમાં સરકાર આપણી

સહભાગી થવા આવી છે. મુખ્યમંત્રીશ્રીની સાથે અગ્ર સચિવ એસ.અર્પણા, ગુજરાત વિધાનસભા ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ધારાસભ્યશ્રી નારાયણભાઇ પટેલ, પ્રભારી સચિવ મનિષ ભારદ્વાજ, પૂર્વ સાંસદશ્રી નટુજી ઠાકોર, જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ રાજ્ય ગુરૂ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### બનાસકાંઠાને ઔદ્યોગિક...

પાના નં.૮ ચાલુ

મંત્રીઓએ ધામા નાખ્યા છે તે કાબીલે તારીફ છે. પરંતુ જિલ્લામાં એક માત્ર ખેતીના ધંધામાં કસ રહ્યો નથી ત્યારે સરકારે ૨૦૦૧ના ભુકંપમાં કચ્છને ઔદ્યોગિક ફ્રી ઝોન જાહેર કર્યો હતો તેથી કચ્છમાં અવનવા ધંધા ઉદ્યોગો સ્થપાયા છે.જેથી કચ્છની કાયાપલટ થઈ ગઈ છે ત્યારે જિલ્લાના હીતમાં સરકાર બનાસકાંઠાને પણ પાંચ વર્ષ સુધી ટેક્ષ ફ્રી જાહેર કરી કૃષી પ્રોસેસીંગ યુનિટોને વિશેષ રાહત આપે તો બનાસકાંઠાની પણ કાયાપલટ થઈ શકે તેમ છે ત્યારે આમ પ્રજાની લાગણી સ્વીકારી સરકાર સાચા અર્થમાં સંવેદનશીલતા દાખવે તો સરકારનું ઋણ બનાસવાસીઓ પેઢીઓ સુધી નહીં ભુલે.

## પાલનપુરમાં પૂર રાહતમાં ૫ લાખનો ચેક આપતું એ.જી.વી.કે. એસ.




અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ, પાલનપુર દ્વારા આજે પાલનપુર ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણીના જન્મદિને પૂર રાહત નિધિમાં રૂ.૫ લાખનો ચેક અર્પણ કરાયો હતો.બનાસકાંઠામાં અતિવૃષ્ટિએ વ્યાપક તારાજી સર્જી છે. ત્યારે પાલનપુર ખાતે આજે અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પૂર રાહત નિધિમાં રૂ. ૫ લાખનો ચેક અપાયો હતો. આ પ્રસંગે એ.જી.વી.કે.એસ.ના પ્રમુખ ભરત પંડ્યા, જનરલ સેક્રેટરી બી.એસ.પટેલ, જોઈન્ટ પ્રેસિડન્ટ વિરેન મહેતા સહિતના સભ્યો હાજર રહ્યા હતા.

## ધાનેરામાં ચૂંટણી કાર્ડનું દફતર નષ્ટ




ધાનેરામાં પુરના કારણે મામલતદાર કચેરીમાં ચૂંટણીકાર્ડના દફતર સાવ નષ્ટ થઈ ગયા છે. સેવાભાવિ સંસ્થાઓ તેની સફાઈ કરી રહ્યા છે

## લાખણી પંથકમાં દેના ગુજરાત ગ્રામીણ બેંક દ્વારા પૂર પીડિત પરિવારોને સહાય અપાઈ




પ્રતિ. વાતમ

બનાસકાંઠામાં પુરગ્રસ્ત વિસ્તારમાં રાજય કેન્દ્ર સરકાર તેમજ સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પુરગ્રસ્તોને બચાવવા તેમજ મદદ માટે અવિરત પણે સેવાકીય કાર્યો થઈ રહે છે. ત્યારે પીડિત લોકોની મદદરૂપ બનવા માટે દેના ગુજરાત ગ્રામિણ બેંકના ચેરમેન લુથરા અને રિજી ઓનલ મેનેજર જાખરના માર્ગદર્શન હેઠળ લાખણી તાલુકાના પુરગ્રસ્ત વિસ્તારના કુડા, ઘોણા, નાંદલા, જસરા વગેરે અસરગ્રસ્તો માટે શુધ્ધ પાણીના પાઉચ, ખાદ્ય સામગ્રીની લગભગ ૧૩૦૦ કીટ બનાવી તૈયાર કરીને અસરગ્રસ્ત વિસ્તારોની જાતે તપાસ કરી ડોર ટું ડોર આપી સરાહનીય કાર્ય કર્યું હતું. જેમાં પુરી, શાક, કચોરી, કેળા વગેરે આપીને લોકોને જમાડાયા હતા. જે માટે પાટણ, બનાસકાંઠા દેના ગુજરાત ગ્રામીણ બેંકના મેનેજરો જોડાયા હતા. ડી.આર.એમ.નારૂભાઈ ચૌધરી, અરૂણભાઈ ભાર્ગવ, કિર્તીકુમાર કે.મોદી, જી.એલ.ગજ્જર, બી.એ.પરમાર, મનોજભાઈ ઠાકોર(વકીલ), પૂર્વ મેનેજર વાલજીભાઈ કરડ, ભરતભાઈ પટેલ, નવીનભાઈ, રૂપલબેન તથા પુનમાજી પટેલ (ગેળા) વગેર જોડાયા હતા.




થરાદમાં રહેતા પાટિદારો દવારા બિનવારસી તેમજ ગૌશાળઓમાં પાંચ ગાડી જેટલો લિલો તેમજ સુકો ઘાસચારો પહોચાડી અબોલ જીવોના વહારે ચડી સેવાનુ કાયઁ કરી રહયા છે.

## ડીસાની એન્જલ સ્કુલનો છાત્ર બેડમિન્ટન સ્પર્ધામાં પ્રથમ




ડીસા

બનાસકાંઠા જિલ્લા રમત ગમત પરિષદ દ્વારા યોજવામાં આવેલ અંડર - ૧૯ બેડમિન્ટન સ્પર્ધામાં ડીસાની એન્જલ્સ ઈંગ્લીશ મીડીયમ સ્કુલનો વિદ્યાર્થી જૈમિન મુકેશભાઈ ઠક્કર રાજયકક્ષાએ પસંદગી પામ્યો છે. શાળાના આચાર્ય ઉપાસનાબેન સોનેજી તેમજ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીને માર્ગદર્શન વ્યાયમ શિક્ષક સંદિપ દવે અને આકાશ ધૈરાવે પુરૂ પાડયું હતું.



રામપુરાના જીવદયા પ્રેમીઓએ રાષ્ટ્રીય પક્ષી મોરને કુતરાઓના મુખમાંથી માંડ બચાવ્યો હતો.બાદમાં ઘવાયેલ મોરની જલારામ ગૌશાળા ડીસામાં સારવાર કરાવી ડીસા પાંજરાપોળને સુપ્રત કર્યો હતો. જીવદયાના આ સત્કાર્યમાં પટેલ રમેશભાઈ જેતાજી (માજી સરપંચ) સહિતના કાર્યકરો જોડાયા હતા. (મહેન્દ્ર શાહ - રામપુરા)

## સરકારી રેકર્ડ ગૌમાતાના હવાલે..




ધાનેરામાં વિનાશક પુરના કારણે સરકારી ઓફીસોના રેકર્ડ ખરાબ થતાં બહાર મુકવામાં આવ્યા છે.ગૌમાતા સડેલુ રેકર્ડ ખાઈ રહી છે.જાણે મારૂ ચૂંટણી કાર્ડ ક્યાં છે તેની તપાસ કરી રહી છે.

## તંત્રી સ્થાનેથી ...

**યજ્ઞ, દાન અને તપ ગમે તેટલા કરો પરંતુ શ્રધ્ધા વગર તે નકામા છે**

# તિર્થસ્થાનોના વિકાસ માટે સરકારે કટિબધ્ધ બનવું જરૂરી

ધાર્મિક સ્થળોના વિકાસ માટે સરકાર દ્વારા પ્રત્યેક રાજ્યોને ગ્રાન્ટો ફાળવવામાં આવી છે. તેમાં ખાસ કરીને મથુરા, કાશી અને હરદ્વારના વિકાસ માટે ઘણી રકમ વપરાઈ ચૂકી છે. ગુજરાતમાં ધાર્મિક સ્થાનોના વિકાસ માટે જે પાયાના પ્રશ્નો ઉકેલાવા જોઈએ તે બાબતે તંત્ર નિષ્ફળ રહ્યું છે. જ્યારે ઉત્તર પ્રદેશમાં ધાર્મિક સ્થાનોને સજાવવા યોગી સરકાર દ્વારા જે કંઈ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તે પ્રશંસાને પાત્ર કહી શકાય. ધાર્મિક સ્થળો પર આવતા શ્રદ્ધાળુઓને તમામ પ્રકારના સુવિધા ઉપલબ્ધ થાય તે મહત્વની બાબત કહી શકાય. આજે લોકોની ધાર્મિક ભાવનાઓ વધે તે દિશાએ કાર્યવાહી થવી જોઈએ.

ધાર્મિક સ્થાનોમાં કાયદો વ્યવસ્થા અને તિર્થયાત્રીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી જરૂરી છે. વર્તમાન સંજોગોમાં ધાર્મિક સ્થળો પર અસામાજીક તત્વોની ગુંડાગીર્દી વધી રહેવા પામી છે. ધાર્મિક સ્થળો પર દારૂબંધી કડક હોવી જરૂરી છે. ત્યારે હાલમાં ધાર્મિક સ્થળો આવેલા ગેસ્ટ હાઉસોમાં વિદેશી દારૂ છુટથી વપરાય છે. તંત્ર તકેદારી રાખે તો વિદેશી દારૂને પડકારી શકાય તેમ છે. આ તમામ માટે જે કલાત્મક અભિરૂચિ તેમજ આધ્યાત્મિક ચેતનાની જરૂરિયાત હોય છે. તે સામાન્ય રીતે પ્રશાસન ક્ષેત્રે હોતી નથી. સડક (રસ્તા) ગટર, નાળા, ફલાયઓઅવર જેવી આધારભુત સંરચનાઓના નિર્માણનો અનુભવ રાખનાર પ્રશાસન દ્વારા યોગ્ય કામગીરી થવી જ જોઈએ. છેલ્લા કેટલાક દાયકાઓથી દેશના ધાર્મિક નગરોમાં વિકાસ સત્તા મંડળોમાં શું એક પણ ભવન એવું બનાવ્યું છે કે જેને જોઈ શકાય. કે ભાવનાસભર દર્શાવી શકાય. શું આ સત્તામંડળોએ શહેરોની વાસ્તુકથાને આગળ વધારી છે. અથવા આ જુના શહેરોમાં 'દિવાસળીના ખોખા' જેવા મકાનોની હારમાળા ઉભી કરી દીધી છે અને પરિણામે આ ધાર્મિક સ્થળો પોતાની ઓળખ ગુમાવી રહેલ છે.

ધાર્મિક સ્થળોને પર્યટન ઉદ્યોગ સાથે જોડવામાં આવશે. સરકારને સારી આવક થશે. કાશ્મીરમાં પર્યટન ઉદ્યોગ ઠપ્પ થઈ ચુક્યો છે. પરંતુ ભારતમાં જે જે ધાર્મિક ભાવના લોકોમાં જે રહી છે. તેનાથી ધાર્મિકતા વધી છે.

ધાર્મિક ક્ષેત્રોના વિકાસ માટે વ્યુહાત્મક નીતિ અપનાવવામાં આવે તે જરૂરી છે. સરકાર દ્વારા આ બાબતે ધાર્મિક સ્થળોના વિકાસ માટે દર વર્ષે સમીક્ષા થવી જોઈએ.

તિર્થ સ્થળોના વિકાસની યોજના બનાવવામાં જજો સાચી સમજ અને અનુભવી લોકોની મદદ નહિં લેવામાં આવે તો યોજના સબળ બનાવી શકાશે નહિં. છેલ્લા ત્રણ દાયકામાં ધાર્મિક સ્થળોનો કેટલો વિકાસ થયો તે બાબતે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી સમીક્ષા કરી રહ્યા છે.

ધાર્મિક સ્થળોના નિર્માણમાં કે તેના વિકાસમાં ગેરરીતિ થવી જોઈએ નહિં. મતલબ કે ભ્રષ્ટાચાર થવો જોઈએ નહિં. દેશમાં આજે કમિશન વિના એક પણ સરકારી કર્મચારી કે અમલદાર કાગળોને આગળ મોકલવાના બદલે દબાવી રાખે છે. આવી ગેરવ્યાજબી નીતિને ચલાવી લેવાય નહિં. તિર્થસ્થાનોના વિકાસ બાબતે સરકારે કટિબધ્ધ બનવું પડશે.

## અપોલો હોસ્પિટલ્સ એન્ડ અપોલો નર્સિંગ ઈન્સ્ટિટ્યૂટે ચંચળબેન મફતલાલ પટેલ કોલેજઓફ નર્સિંગ, ગાંધીનગરના સહયોગમાં હિપેટાઈટિસ અંગે જાગૃતિ લાવવા મેરેથનનું આયોજન કર્યું



હિપેટાઈટિસ અંગે જાગૃતિ લાવવા અને જનસમુદાયમાં તેનો સંદેશ ફેલાવવા અપોલો હોસ્પિટલ્સ એન્ડ અપોલો નર્સિંગઈન્સ્ટિટ્યૂટે ચંચળબેન મફતલાલ પટેલ કોલેજ ઓફ નર્સિંગ, ગાંધીનગરના સહયોગમાં ગુરૂવારે, ત્રીજી ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ એક મેરેથનનુંઆયોજન કર્યું હતું. બંને નર્સિંગ કોલેજોના આશરે ૨૫૦ વિદ્યાર્થીઓએ આ અનોખી પહેલમાં ભાગ લીધો હતો. આ મેરેથન સરકારી નર્સિંગકોલેજથી શરૂ થઈને ઘ-૩ સર્કલ સુધી યોજાઈ હતી જેનું સમાપન કોલેજ ખાતે થયું હતું. આ પ્રસંગે અમદાવાદની અપોલો હોસ્પિટલ્સના લિવર ડિસીઝીસ એન્ડ ગેસ્ટ્રોએન્ટેરોલોજીના ચીફ કન્સલ્ટન્ટ ડૉ. શ્રવણ બોહરા, એસ એમ પટેલ નર્સિંગ કોલેજ, ગાંધીનગરના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. આર જે વ્યાસ અને પ્રિન્સિપાલ શ્રીમતી ફાલ્ગુની મોદી ઉપસ્થિત રહ્યા હતા.ગુજરાતમાં દર ૧૦૦ વ્યક્તિમાંથી એક વ્યક્તિ હિપેટાઈટિસ-સી વાઈરસ અને દર ૧૦૦ વ્યક્તિમાંથી ત્રણ વ્યક્તિ હિપેટાઈટિસ-બી વાઈરસથીઅસરગ્રસ્ત છે. ભારતમાં આ રોગોને કારણે દર વર્ષે લાખો લોકો મૃત્યુ પામે છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં હિપેટાઈટિસને નાબૂદ કરવા વૈશ્વિક સ્તરેઅવાજ બુલંદ બન્યો છે.હિપેટાઈટિસ ભારતમાં રોગનાં વધતાં ભારણ તરીકે જોવાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાનાં જણાવ્યાં મુજબ, હિપેટાઈટિસ બી હોય કે સી હોય,હિપેટાઈટિસ વાઈરસ ઈન્ફેક્શન સાથે મોટાભાગનાં લોકો તેનાથી અજાણ છે. દર્દીઓ દ્વારા હાથ ધરવામાં આવેલા સાવચેતીનાં પગલાં હજુ પણ સંબોધવામાં આવ્યાં હતાં. ''સાફસફાઈ, સ્વચ્છ પાણી, હાથ સાફ કરવા, મળમૂત્રનો યોગ્ય નિકાલ, સલામત જાતિયસંબંધ અને હોસ્પિટલ ઉપકરણોનું શુદ્ધિકરણ એ કેટલાક જરૂરી નિવારણાત્મક પગલાં છે. હિપેટાઈટિસ સી અને ઈ સામે હજુ સુધી કોઈ સંરક્ષણાત્મક રસી ઉપલબ્ધ નથી. હિપેટાઈટિસ બી અંગે સાર્વત્રિક રસીકરણની હિમાયત કરવામાં આવી છે, પણ હજુ એમાં નક્કર પ્રગતિ સાધી શકાઈ નથી. હિપેટાઈટિસ એ સામે રસીકરણ હજુ પણ ચર્ચાસ્પદ છે, છતાં તે અતિ અસરકારક છે.''

હિપેટાઈટિસ એટલે યકૃતમાં સોજો, જે એ, બી, સી, ડી અને ઈ જેવા વિવિધ વાયરસમાંથી થાય છે. હિપેટાઈટિસ એ અથવા ઈ ૧થી ૧૬ અઠવાડિયા ચાલતી તીવ્ર બિમારી છે,

જેમાં મોટાભાગનાં દર્દીઓ એકથી બે અઠવાડિયાની અંદર સાજાં થઈ જશે. હિપેટાઈટિસ એ બાળકોમાં અને હિપેટાઈટિસ ઈ પુખ્તોમાં સામાન્ય છે. હિપેટાઈટિસ બી અને સી વધારે ખતરનાક રોગો છે. હિપેટાઈટિસ સીની સરખામણીમાં હિપેટાઈટિસ બી ત્રણ ગણી વધારે સામાન્ય છે અને સિરોસીસ તરફ દોરી જતી યકૃતની તીવ્ર બિમારીનું સૌથી સામાન્ય કારણ છે. હિપેટાઈટિસ બી વાયરસ તમાકુ પછી મનુષ્યનાં શરીરમાં કેન્સરનું બીજું સૌથી સામાન્ય કારણ છે. હિપેટાઈટિસ સીની સારવાર છેલ્લાં થોડાં વર્ષમાં બદલાઈ છે, જે અત્યારે વ્યવહારિક રીતે સારવાર થઈ શકે તેવો રોગ છે. સલામત અને અસરકારક ટેબ્લેટ્સ ઉપલબ્ધ છે, જેને ત્રણથી છ મહિના લેવી પડે છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# શ્રધ્ધા કપૂર ધ ડ્રામા કંપની ખાતે રક્ષા બંધન ઉજવે છે!



હસીના પાર્કરના સ્ટાર અભિનેતા સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનની ધ ડ્રામા કંપનીમાં તેમની ફિલ્મને પ્રમોટ કરવા માટે જોવા મળ્યા હતા. શ્રધ્ધા કપૂર, કે સિધ્ધાન્થ કપૂર સાથે સ્ક્રિન ઉપર જોવા મળશે તેમણે આ શો ના સેટ ઉપર એક અઠવાડિયા પહેલા રક્ષા બંધનને સૌ પ્રથમ વખત ઉજવી હતી.આ જોડી, કે જેઓ આ ફિલ્મમાં હસીના અને દાઉદની ભૂમિકા ભજવવાના છે, તેઓ ધ ડ્રામા કંપનીના સેટ ઉપર આવ્યા હતા, જયારે તેમણે આ ધાગો બાંધ્યો હતો. અંકુર ભાટીયા અને અપૂર્વ લાખીયાએ પણ આ ભાઈ બહેનને સાથ આપ્યો હતો અને એક સારો સમય માણ્યો હતો. બીજી જે કે મોટી સરપ્રાઈઝ એ હતી કે, શ્રધ્ધા કપૂરે કૃષ્ણા અભિષેક અને સુદેશ લહેરીને પણ સ્ટેજ ઉપર રાખી બાંધી હતી. "શ્રધ્ધા કપૂર અને સિધ્ધાન્થ કપૂર સૌ પ્રથમ જ વખત એક સાથે ટેલિવિઝન ઉપર જોવા મળ્યા હતા અને તેના લીધે સેટ ઉપર ઘણી બધી ઉતેજના જોવા મળતી હતી. કૃષ્ણા અભિષેક અને સુદેશ લહેરી પણ આ ઉજવણીનો ભાગ બન્યા હતા અને તેમની નવી બહેન શ્રધ્ધા કપૂરને સારા આશીર્વાદ આપ્યા હતા."ધ ડ્રામા કંપનીના બધા જ એપિસોડસને શનિવાર અને રવિવારે રાત્રે ૮ વાગ્યે માત્ર સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ઉપર નિહાળો!

## ઈ-રકમ: કૃષિ ક્ષેત્રની એક નવી ક્રાંતિ



ભારતીય ખેડૂતો અને કૃષિ વ્યવસાયોનાં સશક્તિકરણ માટે એમએસટીસી લિમિટેડ અને સીઆરડબલ્યુસી લિમિટેડ (સેન્ટ્રલ રેલસાઈડ વેરહાઉસ કંપની લિમિટેડ) ની સંયુક્ત પહેલ.રામ વિલાસ પાસવાન, કેન્દ્રીય ખાદ્ય અને સાર્વજનિક વિતરણ તથા ઉપભોક્તા પ્રધાને, સ્ટીલ મંત્રી ચૌધરી બ્રીરેન્દ્ર સિંહ, સ્ટીલપ્રધાન, ભારત સરકાર સાથે ભારતના ઈ-રકમ (રાષ્ટ્રીય કિસાન કૃષિ મંડી) નું ઉદ્ઘાટન કર્યું, જે કૃષિ પેદાશો માટે વિશિષ્ટ ઈ-પ્લેટફોર્મ છે. ઈ-રકમ એમએસટીસી લિમિટેડ દ્વારા સંચાલિત છે અને માર્કેટિં" અને લોજિસ્ટિક્સ પાર્ટનર સીઆરડબલ્યુસી લિમિટેડ દ્વારા સમર્થિત છે. વેરહાઉસમાં ૨૦ લાખ ટન કઠોળ પડી રહ્યું હતું અને તેના હજુ પણ ખરીદદારો નથી. ઈ-રકમ આપણને અને ખેડૂતોને ભારે મદદ કરશે. અમારા ખેડૂતો નિરક્ષર છે અને ખરાબ સ્થિતિમાં છે તેમ "ારંભિક અવરોધો ત્યાં હશે. જો કે દરેક નવી વસ્તુ પોતાની સમસ્યાઓ સાથે આવે છે જે સમય સાથે સંચાલિત થશે. આ રીતે વિવિધ પાક કે જેની કિંમત વરસાદને કારણે અથવા ખરાબ હવામાનની સ્થિતિને કારણે વધે છે તેનું સંચાલન થશે અને તેને બજાર મળશે. પરિવહન શરતમાં પણ પ્રારંભિક અવરોધો હશે જે સમય સાથે હલ કરવામાં આવશે. ઈ-રકમ એ કૃષિ ઉત્પાદનોની વેચાણ અને ખરીદીની પ્રક્રિયાને સરળ બનાવવા માટે એક મંચ પર ખેડૂતો, એફપીઓ, પીએસયુ, નાગરિક પુરવઠા અને ખરીદદારો (સામાન્ય જનતા, વેપારીઓ, ખાદ્ય પ્રોસેસર્સ, વગેરે) ને એક સાથે લાવવા માટેની ડિજિટલ પહેલ છે. આ પહેલ હેઠળ ઈ-રકમ કેન્દ્રોને તેમના ઉત્પાદનના ઓનલાઈન વેચાણ માટે ખેડૂતો/એફ.પી.ઓ.ની સુવિધા આપવા માટે સમગ્ર દેશમાં તબાવાર રીતે વિકસાવવામાં આવી રહ્યા છે.

બીજી બાજુ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારોમાંથી બોલીદાતા મધ્યસ્થીઓની કોઈ પણ સંડોવણી વગર ગુણવત્તાની કૃષિ પેદાશો ખરીદવા સક્ષમ હશે. હરાજી પ્રક્રિયાને પૂર્ણ કર્યા પછી, ખરીદદાર પાસે સીઆરડબલ્યુસી અથવા અન્ય કોઈ લોજિસ્ટિક સર્વિસ પ્રોવાઈડર દ્વારા વિતરિત કરાયેલા ઉત્પાદનો મેળવવાનો વિકલ્પ હશે. જ્યારે ખેડૂતોને ઈ-ચુકવણી દ્વારા તેમના બેંક એકાઉન્ટ્સમાં સીધી જ ચૂકવણી કરવામાં આવશે, આમ, આર્બિટર્સ (મધ્યસ્થીઓ) ના નિહિતિત સ્વાર્થથી સિસ્ટમને સ્વતંત્ર રખાશે જે ઈ-રકમનો મુખ્ય ઉદ્દેશ છે.

<u>ગાંધી – ધ મ્યુઝિકલ</u>

## એનસીપીએ પ્રોડક્શન અનેસિલી પોઈન્ટ પ્રોડક્શન સાથે મળીને કરેલુ સાહસ

'ગાંધી - ધ મ્યુઝિકલ' થિએટરને તેની બન્ને સિઝનમાં થિએટર રસીકો તરફથી ખુબ જ અભુતપુર્વપ્રતિસાદ સાંપડ્યો છે. ત્યારે હવે ફરી એક વાર ગાંધી – ધ મ્યુઝિકલ મુંબઈના થિએટર રસીકોને અલગ અલગ રસ પિરસવા પોતાની તૃતીય આવૃત્તિ લઈને આવી રહ્યું છે. આ શો ૦૪ ઓગસ્ટથી૦૬ ઓગસ્ટ, સાંજે ૭.૩૦ કલાકે તથા ૧૧-૧૩ ઓગસ્ટ, સાંજે ૭:૩૦ કલાકે તેમજ ૧૫મીઓગસ્ટે સાંજે ૭:૩૦ કલાકે જમશેદભાભા થએટર, મુંબઈ ખાતે નિહાળી શકાશે.દિનેશ આર. ખંભાત દ્વારા લખાયેલ આ પ્લે મોહનદાસમાંથી મહાત્મા બનેલા એક વ્યક્તિના સત્ય સાથેના અલગ-અલગ અનુભવોની અભૂતપૂર્વ કહાણી છે.

## અક્ષયકુમારની ''ટોયલેટ એક પ્રેમકથા' ક્લીનમેટની સાથે મળીને ભારતમાં સ્વચ્છ, સુરક્ષિત અને શ્રેષ્ઠ સાફ-સફાઈ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે ફંડ જમા કરશે




સુપરસ્ટાર અક્ષય કુમારની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'ટોયલેટ : એક પ્રેમકથા' તથા ફ્યૂચર કન્ઝ્યૂમર લિ.નાલોકપ્રિય બ્રાન્ડ ક્લીનમેટ દ્વારા '૨ ફોર ટોયલેટ' નામક કો-બ્રાન્ડેડ સામાજિક અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ ઉપક્રમ દ્વારા એકઠું કરેલ ફંડ સ્વચ્છતા અને સાફ-સફાઈની વ્યવસ્થામાં સુધારો લાવવા માટે વાપરવામાં આવશે. '૨ ફોર ટોયલેટ'થી એકઠું કરવામાં આવેલું ફંડ લોકોના ઘરોમાં ટોયલેટ બનાવવા માટે વપરાશે. આ પગલું ખુલ્લામાં શૌચકરવાની સામાજિક સમસ્યા વિરુદ્ધ એક અહમ પહેલ છે અને દેશભરમાં સ્વચ્છતા અભિયાનને વધુ મજબૂત કરશે. ક્લીનમેટની એક વિશેષ ફિલ્મમાં અક્ષય કુમાર દેશના નાગરિકોને '૨ ફોર ટોયલેટ' અભિયાન સાથે જોડાવવાનું આમંત્રણ આપતા નજર આવશે. આ ફિલ્મમાં તે લોકોથી આવાહન કરશે કે નજીકના બિગબજાર સ્ટોરથી ક્લીનમેટના ઉત્પાદન જરૂરથી ખરીદો, કેમકે ક્લીનમેટ દરેક પેકના વેચાણ પર આ ફંડમાં ૨ રૂપિયા દાન કરશે. આ અભિયાનની પહોંચ અને આકાર વધારવા માટે અક્ષય કુમાર પોતાના પ્રશંસકોથી આ અનુરોધ પણ કર્યો છે કે તે '૨ ફોર ટોયલેટ' માટે ટ્વીટ કરેઅને ફેસબુક જેવા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર આ અભિયાન માટે નિર્મિત વિશેષ વીડિયો શેર કરે. દરેક ટ્વીટ અને શેરમાટે ક્લીનમેટ આ ફંડમાં પણ ૨ રૂપિયા દાન કરશે.

'૨ ફોર ટોયલેટ' અભિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભારત સરકાર દ્વારા ખુલ્લામાં શૌચ ન કરવા અને ઘરોની અંદર ટોયલેટ નિર્માણ કરવા માટે ચલાવવામાં આવી રહેલા સ્વચ્છ ભારત અભિયાનને સમર્થન આપવાની દિશામાં ભરેલું એક પગલું છે. અમે '૨ ફોર ટોયલેટ' અભિયાનના માધ્યમથી સાર્થક યોગદાન આપવા ચાહીએ છીએ. આ યોગદાન માત્ર દાન દેવું અને ફંડ જમા કરવા સુધી સીમિત નહી રહે પરંતુ આમાં ખુલામાં શૌચની પ્રથાને બંધ કરવાનો સંદેશ ફેલાવવો તથા સૈનિટેશન સુવિધાઓ શ્રેષ્ઠ બનાવવાનું પણ સામેલ છે.

## સૌથી લાંબા અને અવિરત ચાલતા કેન્સર જાગૃતિ અને વ્યસનમુક્તિ અભિયાન"આયુષ"નો વિશ્વ રેકોર્ડ



અમદાવાદ

શ્રી કડી દશા દિશાવાળ વણિક ઉત્કર્ષ મંડળ દ્વારા "જગતગુરૂ શ્રી વલ્લભાચાર્યજી" કાર્યક્રમપંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ હોલ, અમદાવાદ ખાતે યોજાયો હતો, જેમાં પશુપતિ ગૃપ - કડી પ્રેરિત હ્યુમન વેલનેસ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત કેન્સર જાગૃતિ અભિયાન "આયુષ", જે સમગ્ર ગુજરાતમાં કેન્સર જાગૃતિ અને વ્યસન મુક્તિનું કાર્ય કરી રહેલ છે તેને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા એવોર્ડ એનાયત થયો છે તેનો વિશ્વ વિક્રમ નોંધવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં શ્રીવલ્લભકુળના આચાર્યશ્રીઓ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. ભારત દેશમાં વર્ષે ૧૦ લાખ લોકોને કેન્સરનું નિદાન થાય છે અને આ સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, હાલ ભારતમાં કેન્સરના ૨૦ થી ૨૫ લાખ દર્દીઓ કોઈને કોઈ જગ્યાએ સારવાર લઈ રહ્યા છે, વર્ષ ૨૦૨૫માં કેન્સરના દર્દીની સંખ્યામાં પાંચ ગણો વધારો થવાની શક્યતા છે, ભારત દેશમાં દર વર્ષે ૬ થી ૭ લાખ લોકો કેન્સરના કારણે મૃત્યુ પામે છે જે સંખ્યા વર્ષ ૨૦૩૫ માં ૧૬.૫૦ લાખ સુધી પહોંચી જશે તેવું અનુમાન છે, કેન્સરના કુલ કેસો પૈકી ૪૦ % કેન્સર તમાકુનાં કારણે થાય છે, કેન્સર અને વ્યસનમુક્તિ અંગેની આ વાસ્તવિકતાને કારણે સામાજિક જવાબદારીના ભાગરૂપે પશુપતિ ગૃપ કડી દ્વારા આ અભિયાન "આયુષ" શરૂ કર્યુ છે.

આ અભિયાન" આયુષ" માં મોના કેન્સર અને વ્યસનમુક્તિ વિશેની "જીતુ કયારે જાગશે?" નામની ફિલ્મ દર્શાવવામાંઆવે છે, જેમાં તારક મહેતા સીરિયલના જેઠાલાલ એટલે કે શ્રી દિલીપ જોષી તથા હાસ્ય કલાકાર શ્રી સાંઈરામ દવે જેવાલોકપ્રિય કલાકારો દ્વારા હાસ્યસભર રજૂઆત થઈ છે. અને સ્ત્રીઓમાં થતા કેન્સર વિષયક ફિલ્મ " જાગ્યા ત્યારથી સવાર"પણ દર્શાવવામાં આવેલ, જેમાં તારક મહેતા સીરિયલના કલાકાર દયા એટલે કે શ્રીમતિ દિશા વાકાણી સ્ત્રી આરોગ્ય વિશે વાત કરે છે. ૧૮ જુલાઈ ૨૦૧૫ થી શરૂ કરી આજદિન સુધી એકપણ દિવસ ચૂક્યા વિના આ અભિયાન નિયમિત ચાલે છે.જે સમગ્ર ગુજરાતના ગ્રામ્ય, શહેરી, ઔદ્યોગિક અને સ્કૂલ - કોલેજોમાં વિના મૂલ્યે દર્શાર્વવવામાં આવે છે અને કેન્સર જાગૃતિ તથા વ્યસન મુક્તિનું સાહિત્ય પણ વિનામૂલ્યે આવપામાં આવે છે. તા.૨૧ જૂન ૨૦૧૭ ,સુધીમાં સતત ૭૦૬ દિવસો સુધીમાં ૫,૫૪૭૦૬ લોકોને આવરી ૧૪૨૫ કાર્યક્રક્મો દ્વારા એકપણ દિવસ ચૂક્યા વિના થયેલા આ વિશિષ્ટ અભિયાન માટે ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં તેનો વિક્રમ નોંધાયો હતો.

## રાજહંસ ગ્રુપ દ્વારા ભારતમાં ઔદ્યોગિક ક્ષમતા ઉપયોગિતા વધારવા માટે ડિજિટલ મંચ શેરઈકોનોમી લોન્ચ કરાયું



અમદાવાદ

રાજહંસ (દેસાઈ- જૈન) ગ્રુપ દ્વારા દુનિયાભરના સંભવિત ક્ષમતા ચાહનારા સાથે ઔદ્યોગિક ક્ષમતાના માલિકોને જોડતું તેનું અનોખું અજોડ ઓનલાઈન મંચ શેરઈકોનોમી લોન્ચ કર્યાની જાહેરાત કરી હતી. સફળસમૂહ તરીકે પોતાને સિદ્ધ કરનાર ૪૫૦૦ કરોડનું વેપારગૃહ રાજહંસ (દેસાઈ- જૈન) ગ્રુપ દ્વારા બીટુબી ઈ-કોમર્સ મંચ શેરઈકોનોમી લોન્ચ કરવામાં આવ્યું છે. રાજહંસ ગ્રુપનું આ નાવીન્યપૂર્ણ સાહસ અગાઉ ક્યારેય નહી તે રીતે ઓછો ઉપયોગ કરાતી ક્ષમતાઓનું મહત્તમીકરણ કરીને ઔદ્યોગિક ક્ષેત્રમાં ક્રાંતિ લાવવા માટે સુસજ્જ છે. ભારતમાં સામાન્ય રીતે ઔદ્યોગિક ક્ષેત્ર એકમોની ક્ષમતાના ઓછા ઉપયોગની સમસ્યાથી પીડાય છે. ભારતીય ઉદ્યોગોનીક્ષમતાના ઓછા ઉપયોગના અંદાજોમાં તફાવત છે છતાં તે ૬૦-૭૦ ટકા આસપાસ ભિન્ન છે. શેરઈકોનોમી મંચ ઔદ્યોગિક ક્ષમતાઓના મહત્તમ ઉપયોગ માટે પદ્ધતિસર અભિગમ પ્રેરિત કરવા માટે લોન્ચ કરવામાં આવ્યું છે. શેરઈકોનોમી આદાનપ્રદાન કરવાની સંકલ્પના પર નિર્માણ થયું છે. બહુ વેપાર જરૂરતો સાથેના લોકો અને વધારાનાં સંસાધનો સાથેના લોકો પણ મોજૂદ છે ત્યારે એમની જરૂરતોને તે સંભવિત રીતે પહોંચી વળી શકે છે. શેરઈકોનોમી પર ઉદ્યોગપતિઓ તેમની ક્ષમતાઓની પહોંચ વધારી શકે છે અને નવી શક્યતાઓના પ્રકારની ખોજ પણ કરી શકે છે, જેને લીધે તેમની અસલ સંભાવનાઓનો સ્તર ઊંચો જશે.

શેરઈકોનોમી મંચ બજાર બૌદ્ધિકતા પૂરી પાડવા માટે તૈયાર કરાયું છે, જે ક્ષમતા માલિકો અને ચાહનારાને મદદરૂપ થવા સાથેઔદ્યોગિક આરોગ્યનાં મુખ્ય પાસાંઓમાં ઊંડાણથી ડોકિયું પણ કરાવશે.આ મંચનું લક્ષ્ય ઔદ્યોગિક ક્ષમતા માલિકો અને ચાહનારા વચ્ચે નફાકારક અને આપસી લાભદાયી સંબંધો નિર્માણ કરવાનું છે.વાસ્તવમાં તે ઘણા બધા વેપારો અને નવાં સાહસોને અગ્રતાનાં સ્થળો ખાતે ક્ષમતાઓની વૈવિધ્યપૂર્ણ શ્રેણીઓ પ્રદાન કરીને અને તેમની અચૂક આવશ્યકતાઓ સાથે સુમેળ સાધીને સપનાં સાકાર કરવામાં મદદરૂપ થશે. એક બાજુ ક્ષમતાઓની ઉપયોગિતામાં સુધારણા થશે ત્યારે રોકાણોનું ડુપ્લિકેશન ટળશે અને બીજી બાજુ નવાં સાહસો માટે પ્રવેશના અવરોધો દૂર થશે. નવા ખેલાડીઓઅને અન્ય વિશિષ્ટ ક્ષમતા ચાહનારાઓ તેમની ચોક્કસ જરૂરતો પોસ્ટ કરી શકે છે. આ મંચ નોંધણી કરાવતી ઔદ્યોગિક ક્ષમતાઓમાટે ધ્યાનપૂર્વક વિચાર કરેલાં પરિપ્રેક્ષ્યનાં પરિમાણો સાથે તેની પર નોંધણી થયેલા ક્ષમતા માલિકોમાંથી શ્રેષ્ઠતમ અનુકૂળને શોધી કાઢવાની પ્રક્રિયાને પ્રવાહરેખામાં લાવશે.

# નારદની અનન્ય ભક્તિ

ધાર્મિક ફિલ્મો અને સિરિયલોમાં જે રીતે નારદજીને બતાવવામાં આવે છે તે દેવર્ષિની મહાનતાની સામે એકદમ અલગ છે. તે તેમના વિરાટ વ્યક્તિત્વ પ્રતિ અન્યાય છે. નારદજીને આ રીતે બતાવનારા ખરેખર દોષને પાત્ર છે

દેવર્ષિનારદ ધર્મના પ્રચાર અને લોક કલ્યાણ હેતુથી સદાય પ્રયત્નશીલ રહે છે. શાસ્ત્રોમા તેમને ભગવાનનું મન કહેવામા આવે છે. તે જ કારણે તેમને બધા જ યુગમા, બધા લોકમા, સમસ્ત વિદ્યાઓમા અને સમાજના બધા જ વર્ગોમા પણ નારદજીનો હંમેશા પ્રવેશ રહેલો છે. માત્ર દેવતાઓએ જ નહીં પરંતુ દાનવોએ પણ સદૈવ તેમનો આદર કરેલો છે. સમય સમય પર બધાએ તેમની પાસેથી પરામર્શ લીધો છે. શ્રીભગવદ્ગીતાના દશમા અધ્યાયમા ૨૬મા શ્લોકમા સ્વંય ભગવાન શ્રી કૃષ્ણએ તેમની મહાનતાનો સ્વીકાર કરતા કહેલુ છે કે દેવર્ષિનારદના રૂપમા ત્રીજો અવતાર ગ્રહણ કર્યો અને સાત્વતતંત્રનો ઉપદેશ આપેલો છે. જેમા સત્કર્મો દ્વારા ભવ બંધનમાંથી મુક્તિનો માર્ગ બતાવેલો છે. વાયુપુરાણમા દેવર્ષિના પદ અને લક્ષણનુ વર્ણન કરવામા આવેલ છે. દેવલોકમા પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર ઋષિગણ દેવર્ષનામથી ઓળખાય છે. ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય - ત્રણે કાળને જાણનાર, સત્યભાષી, સ્વંયનો સાક્ષાત્કાર કરીને સ્વંયમા સમ્બદ્ધ, તપસ્યાના લોકવિખ્યાત, ગર્ભાવસ્થામાંથી જ અજ્ઞાનરૂપી અંધકાર નષ્ટ કરીને જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરેલ છે. એવા મંત્રવેતા તથા પોતાના એશ્વર્યના બળથી બધા લોકો સુધી પહોંચવામા સક્ષમ અને નૃપદેવર્ષિ કહેવામા આવે છે. આ પુરાણમા આગળ લખવામા આવ્યુ છે કે ધર્મ, પુલસ્તય, ક્રતુ, પ્રત્યક્ષુ, પ્રભાસ અને કશ્યપના પુત્રોને દેવર્ષિનુ પદ પ્રાપ્ત થયેલ છે. ધર્મના પુત્ર નર અને નારાયણ,ક્રતુના પુત્ર બાળખિલ્યગણ, પુલહકે પુત્ર કર્દમ, પુલસ્ત્યકે પુત્ર કુબેર, પ્રત્યૂષકના પુત્ર અચલ, કશ્યપના પુત્ર નારદ અને પર્વત દેવર્ષિ માનવામા આવ્યા છે. પરંતુ જનસાધારણ દેવર્ષિના રૂપમા ફક્ત નારદજીને જ જાણવામા આવે છે. તેમના જેવી પ્રસિદ્ધ બીજા કોઈને મળી નથી.વાયુપુરાણમા જણાવામા આવ્યુ છે કે દેવર્ષિના બધા જ લક્ષણ નારદજીમા પૂર્ણત આવ્યા છે. મહાભારતના સભાપર્વકમા પાંચમા અધ્યાયમા નારદજીના વ્યકિતત્વના પરિચય આ રીતે આપવામા આવ્યો છે દેવર્ષિ નારદ વેદ અને ઉપનિષદોના મર્મજ્ઞા, જયોતિષના વિદ્રાન, સંગીત વિશારદ, પ્રભાવશાળી વક્તા, મેધાવી, નેતિજ્ઞા, કવિ, મહાપંડિત, બૃહસ્પતિ જેવા મહાવિદ્રાનોની શંકાઓનુ સમાધાન કરનાર, દેવતાઓ અને દૈત્યોના વૈરાગ્યના ઉપદેશક, કર્તવ્ય અકર્તવ્યમા ભેદ કરનાર દક્ષ, સમસ્ત શાસ્ત્રોમા પ્રવીણ, સદ્ગુણોના ભઁડાર, સદાચારનો આધાર, આનંદના સાગર, પરમ તેજસ્વી, બધી જ વિદ્યાઓમા નિપુણ, બધાના હિતકારી અને સર્વત્ર ગતિ કરનાર છે. અઢાર પુરાણમા એક નારદપુરાણ બૃહન્નારદીય પુરાણમા વિખ્યાત છે. મત્સ્યપુરાણમા વર્ણન છે કે શ્રી નારદજી બૃહત્કલ્પ પ્રસંગમા ૨૫૦૦૦ શ્લોકોનો મહાગ્રંથ નારદમહાપુરાણ છે. વર્તમાન સમયમા તે નારદપુરાણ ૨૨,૦૦૦ હજાર શ્લોકોમા વાળો છે. ૩૦૦૦ શ્લોકોની ન્યનતાપ્રાચીન પાણ્ડુલિપી નષ્ટ થઇ હોવાથી તેની સંખ્યા ૨૨૦૦૦ હજાર કરવામા આવી છે. નારદપુરાણમા લગભગ ૭૫૦ શ્લોક જયોતિષ શાસ્ત્ર ઉપર આધારિત છે. તેમા જયોતિષના ત્રણેય સ્કંધ, સિદ્ધાંત અને સંહિતાની સર્વાગીણ વિવેચના કરવામા આવી છે.

નારદસંહિતાના નામથી ઉપલબ્ધ તેમના એક અન્ય ગ્રંથમા પણ જયોતિષ શાસ્ત્રના બધા જ વિષયોનુ સુવિસ્તતવર્ણ મળેલ છે. તેનાથી એ સિદ્ધ થઇ જાય છે કે દેવર્ષિનારદ ભક્તિની સાથે સ ાથે પ્રધાન આર્ચાય પણ છે. અત્યારે ધાર્મિક ફિલ્મો અને સિરિયલોમા જે રીતે નારદજીને બતાવામા આવ્યા છે તે દેવર્ષિની મહાનતાની સામે એકદમ અલગ છે. તે તેમના વિરાટ વ્યકિતત્વ પ્રતિ અન્યાય કરેલ છે. નારદજીના આ રીતે બતાવનાર ખરેખર દોષને પાત્ર છે. ભગવાનની અધિકાંશ લીલાઓમા નારદજી તેમના સહયોગી બનેલા છે. તે ભગવાનના પાર્ષદ હોવાથી સાથે દેવતાઓના પ્રવક્તા પણ છે. નારદજીવસ્તુત જ દેવર્ષિ છે.

## ત્રણ દિવસીય ફાર્મા એક્સ્પોનું ૩-૫ ઓગેગસ્ટ, ૨૦૧૭ દરમિયાન આયોજન



અમદાવાદ

ફાર્મા ટેકનોલોજી ઈન્ડેક્સ પ્રા. લિ.એ આજે ઘોષણા કરી હતી કે ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર, અમદાવાદખાતે ૩-૫ ઓગસ્ટ, ૨૦૧૭ ફાર્મટિક એક્સ્પો ૨૦૧૭ની છઠ્ઠી એડીશન અને લેબટેક એક્સ્પો ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું છે.'ફાર્મટિક એક્સ્પો ૨૦૧૭ અને લેબટેક એક્સ્પો ૨૦૧૭' એ પ્રિમિયર ઈવેન્ટ છે જે ફાર્માસ્યુટીકલ ઈનોવેશન, ટેકનોલોજી અને નોલેજને સમર્પિત છે. સમયની સાથે તે એક એવું મહત્ત્વનું પ્લેટફોર્મ મળ્યું છે જે તમામ તબક્કની પ્રોડક્ટ લાઈફસ્ટાઈલ, ફોકસિંગ ફાર્મા મેન્યુફેક્ચરીંગ અને પ્રોસેસીંગ ટેકનોલોજી, ફાર્માસ્યુટિકલ સિસ્ટમ્સ અને સેવાઓ અદ્યત્તન ઈનોવેશન અને ટેકનોલોજીસ સાથે પ્રદર્શિત કરેછે.''ફાર્મટિક એક્સ્પો ૨૦૧૧, ૨૦૧૩ અને ૨૦૧૫નીભૂતકાળની ઈવેન્ટ્સ, ફાર્મટિક એક્સ્પો ૨૦૧૬ (અમદાવાદ) અને ફાર્મટિક એક્સ્પો ૨૦૧૭ (ચંદીગઢ)'ની ઈવેન્ટ્સમાં અમારા રિપિટેડગ્રાહકો અને નવા એક્ઝિબિટર્સે અમને નેશનલ અને ઈન્ટરનેશનલ વિઝિટર્સ અને બાયર્સને એક મજબૂત સંદેશ આપવાની સાથે પ્રોત્સાહિત કર્યા છે. હવે આ જ રીતે અમે ફાર્મટિક એક્સ્પો ૨૦૧૭ની છઠ્ઠી આવૃતિ અને લેબટેક એક્સ્પો ૨૦૧૭નું અમદાવાદમાંઆયોજન કરી રહ્યા છીએ. આ વર્ષે અમે ફાર્માસ્યુટિકલ મશીનરી અને ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરીંગ સેક્ટર તથા ફાર્માસ્યુટિકલ્સ પેકેજિંગ, ફાર્માસ્યુટિકલ ફોર્મ્યુલેશન્સ અને ન્યુટ્રેસ્યુટીકલ પર લક્ષ અપાશે.'. ફાર્મટિક એક્સ્પો ૨૦૧૭અને લેબટેક એક્સ્પો ૨૦૧૭ની છઠ્ઠી એડીશનનું આયોજન આ દિશામાં એક રોડ મેપ બનશે.'ઉપલબ્ધ માહિતી અનુસાર, આજે ૪૦૫ વિશાળ ઈન્ડસ્ટ્રીયલ પ્રોજેક્ટ રૂ. ૪૫૫૦ કરોડના રોકાણ સાથે દવાઓ અને ફાર્માસ્યુટિકલ્સનાપ્રોડક્શન માટે કરાયું છે. આથી વિશેષ અન્ય ૨૦૬ વિશાળ પ્રોજેક્ટ અમલીકરણના વિશેષ તબક્કામાં છે. વધુમાં આ ૪૦૦૦ સ્મોલ સ્કેલ મેન્યુફેક્ચરીંગ યુનિટ્સને ૬૦૦૦ લાયસન્સીસ માર્ચ ૨૦૧૭ સુધીમાં ઈસ્યુ કરવામાં આવ્યા છે.

## ઝી સિનેમા રજૂ કરે છે એક્શન ડ્રામા ફિલ્મ રાઉડી રાજકુમાર ૫ ઓગસ્ટ રાત્રે ૯ વાગ્યે



હિન્દી મૂવિઝ માટે દુનિયાનુ સૌથી મોટુથિયેટર ઝી સિનેમા શનિવાર ૫ઓગસ્ટ રાત્રે ૯ વાગ્યે બ્લોકબસ્ટર એક્શન ડ્રામા રાઉડી રાજકુમારનુપ્રિમિયર કરવા જઈ રહ્યું છે. એક્શનથી ભરપૂર મનોરંજન ફિલ્મો બનાવવા માટે જાણીતા સૂરજએ આ ફિલ્મનુ નિર્દેશન કર્યું છે અને તેનુ નિર્માણ એસ.નંદગોપાલે કર્યું છે. ચેન્નઈના સુંદર સ્થળો પર શૂટ થયેલ રાઉડી રાજકુમારમાં વિશાલ અને તમન્ના મુખ્ય ભૂમિકામાં છે. જબરદસ્ત પર્ફોર્મન્સ અને હાઈ પાવર એક્શન સાથે આ ફિલ્મ ભ્રષ્ટાચારના મુદ્દાને છંછેડે છે અને એ પણ બતાવે છે કે આને ઉકેલવો કેટલા જરૂરી છે.

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

## પાંચોટના સબ પોસ્ટ માસ્તરની બદલી

ચાણસ્મા

મહેસાણા પોસ્ટલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડિવીઝન કચેરી નીચે આવેલ પાંચોટ સબ પોસ્ટ ઓફિસમાં છેલ્લા ૪ વર્ષથી સબ પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા સાગરભાઈ તેજાભાઈ દેસાઈની બદલી સાંથલ ખાતે કરવામાં આવી છે.

## રાધનપુર તાલુકાના કામલપુરની મુલાકાતે કેબિનેટ મંત્રી



કમલ ચક્રવર્તી

પ્રતિ. રાધનપુર

રાધનપુર તાલુકાના કામલપુર ગામે રાજયના કેબિનેટ મંત્રી ગણપત વસાવાએ મુલાકાત લઈને અસરગ્રસ્તોને રૂબરૂ મળીએક બેઠક કરીને જાતમાહિતી મેળવી હતી અને ગામલોકોને થયેલ નુકશાન અંગે જાણકારી મેળવીને તાત્કાલિક સહાય ચૂકવવાની હૈયાધારણા આપી હતી. આ પ્રસંગે ઉંઝાના ધારાસભ્ય નારણભાઈ પટેલ ગામના અગ્રણી ગણેશભાઈ ચૌધરી સહિત ઉપસ્થિત રહ્યા હતા.

## રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા પાટણ જિલ્લાના પુરગ્રસ્ત વિસ્તારોમાં સહાય




પાટણ

રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા પાટણ જિલ્લાના પુરગ્રસ્ત રાધનપુર તાલુકાના ગામડાઓમાં આજે રાશનકીટ(૩૦ કિલોગ્રામ) (લોટ, ચોખા, દાળ, ખાંડ, ચા, મીઠું, તેલ વગેરે) નું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. ફાઉન્ડેશનની ટિમ દ્વારા ગામોની મુલાકાત કરી અસરગ્રસ્તોની યાદી બનાવી સ્થાનિક લોકો અને જામનગર તથા મુંબઈ રીલાયન્સની ટિમના સહયોગથી આ કામ થઈ રહ્યું છે. સમી, રાધનપુર, સાંતલપુર અને કાંકરજના પૂરપ્રભાવીત વિસ્તારોમાં સહાય પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

## રાધનપુરમાં શ્રીરામ સમિતિ દ્વારા ગૌમાતા માટે ઘાસ વિતરણ



કમલ ચક્રવર્તી

પ્રતિ. રાધનપુર

પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં વિનાશક પુરે તારાજી સર્જી છે. ત્યારે પશુધન માટે ઘાસચારાની તંગી થવા પામી છે. પુરના પાણીના લીધે ઘાસચારો કયાંય બચ્યો નથી. સમી - રાધનપુર - વઢીયાર પંથકના માલધારીઓ પોતાના જીવથી વહાલી ગૌમાતાને કચ્છના ઘાસના જંગલો તરફ લઈને પ્રયાણ કરેલ છે.

જેથી રાધનપુરમાં શ્રીરામ સમીતિ દ્વારા ગૌધન માટે લીલા તથા સુકા ઘાસચારાની સેવા છેલ્લા પાંચ દિવસથી ગૌભક્ત દાતાઓના સહયોગથી ચાલુ કરી જીવદયાનું ઉત્તમ કાર્ય કરેલ છે સમિતિના પ્રમુખ પ્રકાશભાઈ દક્ષિણીના જણાવ્યા અનુસાર રાધનપુરથી કચ્છ તરફ જતા ગૌધન માટે ઘાસચારાની સેવા પુરી પાડવામાં આવે છે.

## વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| થરા | | બાજરી | ૧૯૦-૨૫૭ | બંટી | ૨૨૧-૩૩૫ |
| જીરૂ | ૨૮૫૦-૩૪૫૦ | ઘઉં | ૨૯૨-૩૦૧ | રાયડો | ૬૩૫-૬૯૪ |
| એરંડા | ૮૫૦-૮૭૨ | ગવાર | ૬૪૦-૬૪૪ | એરંડા | ૮૪૦-૮૭૬ |
| ગવાર | ૫૯૦ | તલ | ૧૧૧૦ | ઘઉં | ૩૧૫-૩૫૮ |
| ઘઉં | ૩૦૬-૩૨૮ | જુવાર | ૪૩૭ | જુવાર | ૪૦૦-૫૭૧ |
| બાજરી | ૨૧૦-૨૬૨ | મગફળી | ૪૫૧-૭૦૦ | બાજરી | ૨૧૦-૨૭૧ |
| જુવાર | ૪૧૦-૫૩૩ | પાટણ | | જવ | ૨૯૦-૩૦૦ |
| ભીલડી | | જીરૂ | ૨૨૦૦-૩૨૦૦ | અડદ | ૫૮૦-૬૭૦ |
| એરંડા | ૮૩૧-૮૪૬ | વરીયાળી | ૮૫૦-૧૧૩૫ | ગવાર | ૫૫૦-૬૪૧ |
| રાયડો | ૬૦૦-૬૪૦ | મેથી | ૪૧૨-૪૯૦ | | |
| રાજગરો | ૭૪૫-૭૫૭ | સુવા | ૮૨૧-૮૮૦ | | |

## રાધનપુરમાં જિલ્લા કલેક્ટર બે વાર નીકળ્યા પણ ગંદા પાણીનો નિકાલ નહી



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં છેલ્લા ચાર દિવસમાં ભારે વરસાદ થયો નથી તેમ છતાં એસ.ટી.સ્ટેન્ડ સામે આવેલ વીર સાવરકર શોપિંગ આગળ ગંદા પાણીનું તળાવ ભરાયું હોવાથી રાહદારીઓ અને વાહન ચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.દુકાનદારો પણ દુર્ગંધ મારતા ગંદા પાણીથી હાલાકી ભોગવી રહ્યા છે.મંગળવારે જિલ્લા કલેક્ટર આનંદ પટેલ અને સચિવ મનીષ ભાર્દવાજની ગાડીઓ સાયરન વગાડતી આ ગંદા પાણીમાંથી બે વાર નીકળી હતી.જેથી નાગરિકોને વિશ્વાસ બેસી ગયો હતો કે હવે આ ગંદા પાણીનો નિકાલ મિનિટોમાં થઈ જશે.પરંતુ આજે ચોવીસ કલાક વીતી ગયા હોવા છતા આ ગંદા પાણીનો નિકાલ થયો નથી.પાલિકા તંત્રને ઉચ્ચ અધિકારીઓ આવે કે જાય તેનાથી કાંઈ ફરક પડતો હોય તેવું લાગતું નથી.આ ગંદા પાણીને કારણે રોગચાળો પણ ફાટી નીકળવાની દહેશત સેવાઈ રહી છે આ ઉપરાંત કપચી નાંખેલ હોવાથી આ ગંદા પાણીમાંથી વાહન ચાલકો નીકળે ત્યારે નીચે પટકાય પણ છે.

## પાટણ જિલ્લામાં વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં કાર્યરત થયેલી આરોગ્ય વિભાગની મેડીકલ ટીમો



પાટણ

પાટણ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા વરસાદને કારણે અસરગ્રસ્ત પામેલ તાલુકાઓમાં આરોગ્ય સેવાઓ અગ્રતાના ધોરણે પુરી પાડવામાં આવી રહેલ છે. પાટણ જિલ્લામાં તમામ તાલુકાઓમાં મેડીકલ કેમ્પ તેમજ પેરામેડીકલ સ્ટાફ અને આશા દ્વારા ઘરે - ઘરે ફરી સર્વેલન્સ ઉપરાંત કલોરીન ગોળી વિતરણ તેમજ આરોગ્ય શિક્ષણની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

જિલ્લામાં અસરગ્રસ્ત તાલુકામાં કુલ ૧૩૩ મેડીકલ ટીમો કામ કરી રહેલ છે. જેમાંથી ૬૪ પટણ જિલ્લાની અને ૬૯ અન્ય જિલ્લા (મહેસાણા, અરવલ્લી, આણંદ, ગાંધીનગર, ધારપુર, ભાવનગર) ની ફાળવવામાં આવેલ છે. તેમજ ૯ મોબાઈલ વાન સાથેની ટીમો કાર્યરત છે. તેમજ ૩૫૪ પેરા મેડીકલ ટીમો મારફતે સેવા પુરી પાડવામાં આવી રહેલ છે. અને સર્વેલન્સ કામગીરી દરરોજ ચાલુ રાખવામાં આવે છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે તેમજ ગ્રામ્ય શહેરી વિસ્તારોમાં આરોગ્ય વિષયક સેવાઓના કુલ - ૨૨૭ મેડીકલ કેમ્પો કરી ૧૬૦૫૦ વ્યક્તિઓને સારવાર પુરી પાડવામાં આવેલ છે. જિલ્લામાં જોખમી પ્રસુતિવાળી માતઓ અને પ્રસુતિ એક માસમાં સંભવિત થનાર છે. તેનું લીસ્ટ ફિમેલ હેલ્થ વર્કર, આશા અને ૧૦૮ ઈએમઆરઆઈ પાસે ઉપલબ્ધ રાખવામાં આવેલ છે. અને તેનું મોનીટરીંગ પણ કરવામાં આવે છે. આ સમય દરમ્યાન ૧૮૪ પ્રસુતિની સેવાઓ સરકારી સંસ્થામાં અને ૧૪૩ પ્રસુતિની સેવાઓ ખાનગી સંસ્થામાં પુરી પાડેલ છે. તેમજ આરોગ્ય કાર્યકર અને આશા દ્વારા ઘરે ફરી કુલ ૪૫૦૦૦૦ કલોરીન ટેબ્લેટ, ૬૦૦૦ ઓઆરએસ પેકેટનું વિતરણ કરવામાં આવેલ છે. તેમજ પોરાનાશક કામગીરી અને આરોગ્ય શિક્ષણની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. ભરાયેલ ખાડા - ખાબોચીયામાં બળેલ ઓઈલ તેમજ પાવડરનું ડસ્ટીંગ કરવામાં આવેલ છે.

## રોજગાર કચેરી, પાટણ દ્વારા પાટણ જિલ્લામાં ઓગસ્ટ-૨૦૧૭ દરમ્યાન નામ નોંધણી કેમ્પનું આયોજન

પાટણ

રોજગાર કચેરી, પાટણ દ્વારા પાટણ જિલ્લા માં વિવિધ તાલુકા મથકોએ નામ નોંધણી, રીન્યુરઅલ અને વ્ય વસાયી માર્ગદર્શન કેમ્પિનું આયોજન કરાયું છે. રોજગાર વાંચ્છુ ઉમેદવારોની નામ નોંધણી, રીન્યુસઅલ અને વ્યમવસાય માર્ગદર્શન આપવા માટે તા. ૦૬/૦૮/૨૦૧૭ ના રોજ તાલુકા પંચાયત કચેરી, હારીજ, તા. ૦૯/૦૮/૨૦૧૭ ના રોજ ગ્રામ પંચાયત કચેરી, સમી, તા. ૧૨/૦૮/૨૦૧૭ ના રોજ તાલુકા પંચાયત કચેરી, સિધ્ધપુર, તા. ૧૪/૦૮/૨૦૧૭ ના રોજ તાલુકા પંચાયત કચેરી, ચાણસ્મા, તા. ૧૭/૦૮/૨૦૧૭ ના રોજ ગ્રામ પંચાયત કચેરી, સાંતલપુર, તા. ૨૨/૦૮/૨૦૧૭ ના રોજ તાલુકા પંચાયત કચેરી, રાધનપુર અને તા. ૨૯/૦૮/૨૦૧૭ ના રોજ ગ્રામ પંચાયત કચેરી, વારાહી ખાતે કેમ્પેનું આયોજન કરવામાં આવેલ છે. જો જાહેર રજા હોય તો તે પછીના દિવસે નામ નોંધણી કેમ્પ યોજાશે.

નામ નોંધણી માટે આવનાર ઉમેદવારોએ એલ.સી. તથા જો જાતિમાં આવતા હોય તો સક્ષમ અધિકારીશ્રીનો જાતિ અંગેનો દાખલો તથા શૈક્ષણિક લાયકાતના તમામ

અસલ પ્રમાણપત્રો તથા પ્રમાણિત કરેલ પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઇઝના બે ફોટોગ્રાફ સાથે લાવવાના રહેશે, ઇ-મેઇલ એડ્રેસ ફરજીયાત છે, તેમ જિલ્લા રોજગાર અધિકારી, પાટણની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## પાટણના સરસ્વતી બેરેજની છલતીના પથ્થરો ઉખડતાં ગાબડાં

પાટણ

પાટણ સરસ્વતી જળાશય યોજનામાં ચાલુ સાલે ધસમસતા પાણીનું પૂર આવતાં તેન પગલે દરવાજા ખોલીને પાણી નદીમાં છોડવામાં આવ્યું હતું. જેમાં પાણીના ધસારાના લીધે વર્ષો જૂના પથ્થરો ઉખડી ગયા હતા અને જમીનથી અલગ થઇ ગયા છે. જ્યારે સાઇડના કેટલાક નાના પથ્થરો પાણીના પ્રવાહ સાથે તણાઇ ગયા હતા. જેને પગલે તુંરંતમાંજ ફરીથી દુરસ્તી કામગીરી કરવાની જરૂર ઉભી થઇ છે.

પાટણનો સરસ્વતી જળાશય કેટલાક સમયથી જર્જરીત થયો હતો જેને ધ્યાને લઇ તાજેતરમાંજ બ્રિજ પર દરવાજાનું તેમજ સ્લેબનું દુરસ્તી કામ કરાયું હતું. કેટલીક ટેકનીકલ કામગીરી પણ કરાઇ હતી. તે પછી ચાલુ સાલે ધસમસતા પાણી આવતાં તમામ દરવાજા ખોલવા પડ્યા હતા અને પાણીનો નિકાલ કરાયો હતો.

હજારો ક્યુસેક પાણી એક સાથે છોડવામાં આવતાં વચ્ચેના ગેટ વિસ્તારમાં પાયાના રક્ષણ માટે અને જમીન ધોવાણ ન થાય તે માટે તળીયાના ભાગે પાથરવામાં આવેલા પથ્થરો આ વખતે ધોવાઇ ગયા હતા. જેના લીધે મોટા મોટા બે ગાબડાં છલતીના ભાગે પથ્થરના સ્લેબમાં પડી ગયા છે. પથ્થરો નીચે થઇને પાણી વહી જતાં પથ્થરો ઉખડી ગયા છે. જેના લીધે ઓવરબ્રિજના પાયામાં પાણી ધસી જાય તો નુકસાન થવાની ભીતી સર્જાઇ છે.

## કડીની વાણિજ્ય વેરા કચેરીનો ક્લાર્ક અને પટાવાળો લાંચ લેતાં પકડાયા

મહેસાણા

બાકી રિટર્ન મામલે રૂ.૪ હજારની લાંચ લેતાં કડી વાણિજ્ય વેરા કચેરીના જુનિયર ક્લાર્ક દિનેશ મગનભાઈ ચૌધરી અને પટાવાળા કેશર મંગળભાઇ પ્રજાપતિને રૂ.૪ હજારની લાંચ લેતાં એસીબીએ રંગેહાથ ઝડપી લીધા હતા.કડીની રુદ્રકુટીર સોસાયટીમાં રહેતા અને બુડાસણમાં થર્મોપ્લાન્ટ એલ્યુમિનિયમ પ્રોફાઇલનો ધંધો કરતા અલ્પેશકુમાર ભાઇલાલભાઇ પટેલને ૩ મહિનાનું વેટ રિટર્ન ભરવાનુ બાકી હોઇ વેપારીને રૂબરૂમાં નોટિશ આપી રૂ.૧૦ હજાર જેટલો દંડ ભરવો પડશે અને જો દંડ ના ભરવો હોય તો વચ્ચેનો રસ્તો કાઢી અડધી રકમ આપવા કહ્યું હતું. છેવટે ૪ હજારમાં નક્કી થયુ હતું.જે અંગે વેપારીએ ટોલ ફ્રી નંબર પર ફરિયાદ કરતાં ગાંધીનગર એસીબી પીઆઇ કે.આર. ડાભી સહિતની ટીમ શનિવારે કડી ભૂમિ કોમ્પલેક્ષ સહાયક વાણિજ્ય વેરા કમિશ્નર કચેરી પાસે ગોચ ગોઠવી સાંજે ૫.૧૮ વાગ્યાના અરસામાં જુનિયર ક્લાર્ક દિનેશ મગનભાઇ ચૌધરી (રહે. કુકસ)ના સુચવવાથી પટાવાળા કેશર મંગળભાઇ પ્રજાપતિ (રહે.નાનીકડી) વેપારી પાસેથી રૂ.૪ હજાર લેતાં પકડી લીધા હતા. બંને સામે મહેસાણા એસીબી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## વિઠલાપુરમાં પ્રજાના આરોગ્ય સાથે ચેડા કરતાં બોગસ ડોક્ટર સામે તપાસ જરૂરી

ચાણસ્મા

બહુચરાજી નજીકના વિઠલાપુર ચોકડી પાસે એક ઉઘાડપગા ડોક્ટરે હાટડી માંડી છે.ધો.૧૦ નપાસ એ કહેવાતા તબીબ દ્વારા આ વિસ્તારમાંથી ૧૦ થી ૧૨ ગામના લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરવામાં આવી રહ્યાં છે.આમ છતાં આરોગ્ય વિભાગ દ્વારા નિયમિત હપ્તા મળતા હોઈ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

સ્થાનિક ગ્રામજનોમાં ઉઠેલી બુમ મુજબ, બહુચરાજી પાસેના વિઠલાપુર ચોકડી પાસે છેલ્લા ત્રણેક વર્ષથી એક ઉંટવૈધ ડોક્ટર દ્વારા દવાખાનું ખોલવામાં આવ્યું છે.જેમાં દેશી-વિદેશી બનાવટની દવાઓ તેમજ ઈન્જેક્શન પણ આપવામાં આવે છે.આ કહેવાતો તબીબ ધો.૧૦ નાપાસ છે.ડોક્ટરી અંગે કોઈપણ જાતનું સર્ટીફિકેટ ધરાવતો નથી.સૂત્રોના મતે, આ ઊંટવૈધના પિતા ડોક્ટર હતા અને તેમના નામના ઓથા હેઠળ આ શખ્સે વિઠ્ઠલાપુર ચોકડીએ હાટડી માંડી છે. અહીં આસપાસના ૧૦ થી ૧૨ ગામના અભણ અને અજાણ લોકો સારવાર માટે આવી રહ્યા છે.રોજ ૮ થી ૧૦ હજાર રૂપિયાની ધીકતી કમાણી કરતા આ શખ્સ હાઈ પાવરની ગોળીઓ અને હાઈડોઝના ઈન્જેક્શન પણ આપે છે.બાટલા ચડાવે છે.આ વિસ્તારના ગરીબ લોકોના ખિસ્સા ખંખેરતા આ શખ્સ સામે કોઈ જ કાર્યવાહી આજ દિન સુધી કરાતી નથી.હાઈવે પર જ દવાખાનું છે અને રોજબરોજ અનેક અધિકારીઓ અહીંથી પસાર થાય છે.તો જિલ્લા અને આરોગ્ય વિભાગના અધિકારીઓ આ બધુ જ જાણતા હોવા છતાં હપ્તાના સેંટિંગને કારણે આમજનતા સાથે ચેડાં કરવાનો જાણે પરવાનો આપ્યો હોય તેમ કોઈજ પગલાં લેવામાં આવતા ન હોવાનો બળાપો સ્થાનિક લોકોએ કાઢ્યો હતો.

આ તો માત્ર એકજ તબીબની વાત છે. આવા તો અનેક ઉંટવૈધો ગ્રામ્ય વિસ્તારમાં ખુલ્લેઆમ લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે.ત્યારે રાજ્યના આરોગ્ય મંત્રી દ્વારા આવા તત્વો સામે કડક હાથે પગલાં લેવામાં આવે તેવી માંગ છે.

## સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ તાલુકાઓમાં માં રૂ. ૨૧૭.૩૭ લાખના ખર્ચે નવિન ૨૩ યોજનાઓ થકી પાણીના નવા સ્ત્રોત ઉભા કરાશે

સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ તાલુકાના અંતરીયાળ ગામડાઓમાં પીવાના પાણી મળી રહે તે માટેના આયોજન અંગેની એક બેઠક જિલ્લા કલેકટર પી. સ્વરૂપના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે યોજાઇ હતી

સાબરકાંઠા નર્મદાના નીર થકી પીવાના તેમજ સિંચાઇના પાણી ખેડૂતો તથા લોકોને મળી રહ્યા છે. ત્યારે આદિજાતિ વિસ્તારમાં છુટાછવાયા રહેતા લોકોને પીવાના પાણીની અછત ન વર્તાય તે હેતુથી જિલ્લા જળ અને સ્વચછતા એકમ ધ્વારા લોકોને પાણી મળી રહે તે માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.આ બેઠકમાં રૂ. ૨૧૭.૩૭ લાખના ખર્ચે તૈયાર થનાર નવિન ૨૨ યોજનાઓ ખાસ આદિજાતિ તાલુકાઓમાં અમલી બનશે આદિજાતિ તાલુકાઓના ગામડાઓમાં પાણી સમિતિ ધ્વારા લોકફાળાના સહયોગથી આ યોજનાનો લાભ મળશે.આ યોજનામાં પોશીના, વિજયનગર અને ખેડબ્રહ્માના ૨૦ જયારે ઇડરના પાંચગામડા, વોરાવાવ અને રતનપુર ગામનો સમાવેશ કરાયો છે.

## પાટણ જિલ્લામા રાહત કામગીરી પુર જોશમાં

પાટણ

પાટણ જિલ્લામાં ભારે વરસાદને કારણે ૧૬૪ ગામો વધુ અસરગ્રસ્ત બન્યા છે. અસરગ્રસ્તે લોકોની મદદ માટે રાજય સરકાર, કેન્દ્રન સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓિ કામગીરી કરી રહી છે. અત્યાર સુધીમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં ૫,૧૩,૫૨૯ ફૂડ પેકેટ અને ૬,૪૮,૨૬૧ પીવાના પાણીના પાઉચ અને ૯,૪૪૬ અન્ય૧ રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું છે. ૩૮,૮૬૩ લોકોનું સ્થોળાંતર કરવામાં આવ્યું છે. વરસાદ બંધ થતાં જિલ્લા વહીવટીતંત્ર પાટણ દ્વારા જમીન ધોવાણ, મકાન, ઘરવખરી, પશુમૃત્યુના સર્વેની કામગીરી પુરજોશમાં શરૂ કરવામાં આવી છે. પાટણ જિલ્લામાં રાજય સરકારના મંત્રીઓની સીધી દેખરેખ હેઠળ રાહત કામગીરી કરવામાં આવી રહી છે.પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે ૭ માનવ મૃત્યુ થતાં અત્યાર સુધીમાં ૩ વ્યતકિતઓને રૂ. ૧૮ લાખની સહાય ચુકવવામાં આવી છે. ૧૨૭૧ પશુ મૃત્યુ થતાં ૧૭૦ પશુઓના રૂ.૩૧.૩૦ લાખની સહાય ચુકવવામાં આવી. ૧૫,૫૪૭ વ્યકિતઓને રૂ.૭૧.૫૯ લાખની કેશડોલ્સની સહાય ચુકવવામાં આવી. ૯૨૮ વ્યકિતઓને રૂ.૩૩.૬૫ લાખની ઘરવખરીની સહાય ચુકવવામાં આવી. અત્યાર સુધીમાં ૧૨ ઝુંપડાં, ૩૪૩ કાચા મકાન અને ૮૨ પાકા મકાન એમ કુલ ૪૩૭ મકાનોનો નુકશાનીનો સર્વે પુરો કરવામાં આવ્યો છે. જેમાં સંપૂર્ણ નાશ પામેલ ૨ મકાનો અને અંશત નાશ પામેલ ૭ ઝુંપડાં, ૪ કાચા મકાન અને ૧૬ પાકા મકાન એમ કુલ ૨૭ લાભાર્થીઓને રૂ. ૨.૪૩ લાખની મકાન નુકશાનીની સહાય ચુકવવામાં આવી છે.પાટણ જિલ્લામાં અંદાજે ૧,૫૯,૨૫૦ હેકટર જમીનનું ધોવાણ થયેલ છે. તેની સર્વેની કામગીરી ચાલુ કરવામાં આવી છે. તેમ જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## મહેસાણા: વિદેશ મોકલવા ૫.૫૦ લાખ લઈ ઠગાઈ કરતાં આધેડની આત્મહત્યા

મહેસાણા

મહેસાણાના વિસનગર લીંક રોડ પર આવેલી સવિનય સોસાયટીમાં રહેતા એક નિવૃત્ત ડ્રાઇવરે વિદેશ જવા રૂ.૫.૫૦ લાખ અને ડોક્યુમેન્ટ આપ્યા પછી શખસોએ વિશ્વાસઘાત કરી પૈસા પરત નહીં આપી ધમકીઓ ઉચ્ચારતાં ત્રાસથી કંટાળીને ઘરમાં રાત્રે પંખે ગળે ફાંસો ખાઇ જીવન ટૂંકાવી દીધું હતું. મૃતકના પુત્રએ એ ડિવિઝન પોલીસ મથકે ઠગાઇ કરનારા શખસ અને તેની પુત્રવધૂ સામે ફરિયાદ નોંધાવતાં પીએસઆઇ ડી.બી. રાઠોડે તપાસ હાથ ધરી છે.

મહેસાણામાં સ્પેશિયલ મિલ્ક ઓડીટ કચેરીમાં ડ્રાઇવર તરીકે નોકરી કરી ત્રણ વર્ષથી નિવૃત્ત કિશોરકુમાર જીવણલાલ બ્રહ્મભટ્ટ પુત્ર પ્રિયાંકની માનવઆશ્રમ સ્થિત દુકાનમાં મદદરૂપ થતા હતા. ત્રણેક માસ અગાઉ નીચા ભાટવાડાના તેમની જ્ઞાતિના દિનેશભાઇ ગુણવંતભાઇ બારોટ ઉર્ફે ગરમીએ આવીને કહેલું કે, હું અને દીકરાની વહુ વિદેશ મોકલવાનું વિઝા કન્સલ્ટીંગનું કામ કરીએ છીએ અને વિદેશ અને નોકરીની વાત કરી હતી.કિશોર-કુમારે તેમની પત્ની પદમાબેન બંનેને વિદેશ જવા માટે ડોક્યુમેન્ટ અને ટુકડે ટુકડે બેંકમાંથી ૫.૫૦ લાખ ઉપાડીને દિનેશ બારોટને આપ્યા હતા અને બાકીના પૈસા થોડા દિવસ પછીનું નક્કી થયું અને ૨૧ જુલાઇ સુધીમાં વિઝા અને નોકરી કામ પૂરું થઇ જશે તેવી વાત કરી હતી. પછી વિઝા ન આવતાં પૈસા અને ડોક્યુમેન્ટ પાછા માંગતા આ શખસે હાથ અધ્ધર કરી ફોન પર ધાકધમકી આપવાનું શરૂ કર્યુ હતું. છેલ્લે મંગળવાર રાત્રે ૧૧ વાગ્યે ફોન પર ધમકી ઉચ્ચારી હતી. બાદમાં ઘરે બધા સૂઇ ગયા હતા. જેમાં બુધવારે સવારે ૫-૩૦ વાગે પ્રિયાંકે જાગીને જોયું તો પિતા પથારીમાં ન હોઇ પ્રથમ માળે તપાસ કરતાં પ્લાસ્ટકીની દોરીથી પંખે ગળે ફાંસો ખાધેલ હાલતમાં લટકતા હતા. બુમાબુમ કરતાં આસપાસથી લોકો ભેગા થઇ ગયા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલ લઇ જતાં તબીબે કિશોરકુમારને મૃત જાહેર કર્યા હતા. તેમની લાશનું પીએમ કરી પરિવારજનોને સોંપાઇ હતી. આ બનાવ અંગે પ્રિયંકભાઇ કિશોરકુમાર બ્રહ્મભટ્ટે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નીચા ભાટવાડાના દિનેશ ગુણવંતભાઇ બારોટ તેમજ તેમના દીકરાની વહુ સંગીતા સામે આપઘાત માટે દુષ્પ્રેરણ તેમજ છેતરપિંડી અને ઠગાઇ અંતર્ગત ફરિયાદ નોંધાવી હતી.

## મહેસાણા: પોલીસની હેરાનગતિથી બચાવવા ટેક્ષીચાલક પાસે લાંચ લેતાં ૨ ઝબ્બે

મહેસાણા

કડીના નંદાસણ ચોકડી આગળ પોલીસની હેરાનગતિથી પેસેન્જર વાહનને બચાવવા રૂપિયાની માંગણી કરતા ૨ વચેટિયાઓને બુધવારે ગાંધીનગર એસીબીએ છટકું ગોઠવીને ઓડીયો-વીડિયો રેકોર્ડિંગ સાથે કડીના બે શખસોને રૂપિયા ૭૦૦ની લાંચ લેતાં રંગેહાથ પકડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.ક્ષી તરીકે ફરતા વાહનને પોલીસથી બચાવવા કડીના ૨ શખસો લાંચ માંગતા એસીબીના ટોલ ફ્રી નંબર ઉપર વાહન ચાલકે ફરિયાદ કરી હતી. જેને પગલે બુધવારે સવારે ૧૧-૩૦ વાગ્યાના અરસામાં ગાંધીનગર એસીબી પીઆઇ ડી.વી. પ્રસાદ, કે. આર ડાભી સહિતની ટીમ દ્વારા નંદાસણ ચોકડી પર છટકું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં વાહન ચાલક પાસેથી રૂ.૭૦૦ની લાંચ લેતાં કડીના અકબર જાનમહમંદ ચૌહાણ અને યુસુફભાઇ મીયાભાઇ મલેક નામના ૨ ખાનગી વ્યક્તિને પકડી લેવાયા હતા.આ છટકાનું ઓડિયો અને વીડિયો રેકોર્ડિંગ પણ કરાયું હતું. મુસાફરો ભરીને ફરતા ખાનગી વાહનચાલકને પોલીસની હેરાનગતિથી બચાવવા આ શખસોએ લાંચ માગી હતી. આ બંને શખસોને પકડીને મહેસાણા એસીબી કચેરીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઇ હતી.

# પાલનપુર ખાતે વી.એચ.પી.ના પૂર રાહત કેમ્પની મુલાકાતે પ્રવિણ તોગડીયા


સંજય જોષી

### ૩ ટ્રક રાહત સામગ્રીને રવાના કરાવતા પ્રવીણ તોગડીયા

પાલનપુર

સરહદી બનાસકાંઠાના મુખ્યાલય ખાતે વિશ્વ હિન્દૂ પરિષદના રાહત સામગ્રી કેમ્પમા આવેલા વીએચપીના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવીણ તોગડીયાએ ૩ ટ્રક રાહત સામગ્રી રવાના કરાવી હતી. તેઓએ પૂરગ્રસ્ત બેહાલ બનાસકાંઠામાં રાજકીય પક્ષો દ્વારા થઈ થઈ રહેલી રાજનીતિ પર વેધક પ્રહાર કર્યા હતા.

વિશ્વ હિન્દૂ પરિષદના નેતા ડો. પ્રવીણ તોગડીયાએ બેહાલ બનાસકાંઠાનો ચિતાર વ્યક્ત કર્યો હતો. તેઓએ વી.એચ.પી. દ્વારા બનાસકાંઠાનાં ૧૧૦ અને પાટણ ના અસરગ્રસ્ત ગામમાં રાહત સામગ્રી પહોંચાડવામાં આવી હોવાનું જણાવ્યું હતું. તેઓએ વી.એચ.પી. દ્વારા ૧૦ હજાર અસરગ્રસ્તોને ઘરવખરી સહિતની કીટનું વિતરણ કરાયું હોવાનું પણ ઉમેર્યુ હતું. ડો. પ્રવીણ તોગડીયાએ પશુપાલકોની

અનુસંધાન પાના નં.૬

# કાણોદર પાસે અકસ્માતમાં યુવતીનું મોત


સંજય જોષી

પાલનપુર

પાલનપુર તાલુકાના કાણોદર ગામ પાસે સર્જાયેલા અકસ્માતમાં ૨૭ વર્ષીય યુવતીનું મોત નીપજ્યું હતું. કાણોદર હાઈવે પર જ્યૂપીટર અને ટ્રેઈલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં જયુપીટર ચાલક શબનમબેન સરફરાજ અલી પોલરા ઉંમર ૨૭ વર્ષ રહે. કાણોદર તા. પાલનપૂરનું અરેરાટી ભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત મોતને ભેટેલી યુવતી સિલ્વર બેલ્સ સ્કૂલમાં શિક્ષિકાની ફરજ બજાવતી હોવાનું જાણવા મળેલ છે. દરમિયાન, આ યુવતીના મૃતદેહને પોસ્મોર્ટમ માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

# રાધનપુર તાલુકામાં ડૂબી જતા પાંચના કમકમાટીભર્યા મોત

**સિનાડ ગામે ત્રણ બહેનપણીઓ પાણીના વહેણમાં ડૂબીને મોતને ભેટી : દેલાણા ગામે પાણી ભરવા ગયેલા બે મિત્ર વહેતા પાણીમાં ડૂબી ગયા**








કમલ ચક્રવર્તી







પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકામાં ગુરૂવારનો દિવસ ગોઝારો નિવડ્યો હતો. બનાસ નદીમાં આવેલા પૂરના વહેણમાં ડૂબી જતા ત્રણ બહેનપણીઓ અને બે મિત્રોના કમકમાટીભર્યા મોત થતાં સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ જવા પામી હતી. તાલુકાના દેલાણા ગામે સવારે સાડા આઠ વાગ્યાના સુમારે દરબાર સમાજના બે સત્તર વર્ષીય મિત્રો પીવાના પાણીની તંગી હોવાથી પાણી ભરવા જતાં વહેણમાં ડૂબી જતાં મોતને ભેટ્યા હતા. જ્યારે તાલુકાના સિનાડ(શ્રીનાથ) ગામે ઠાકોર સમાજની ત્રણ તરૂણ બાળાઓ ઘેરથી સંડાસ કરવા સાથે ગઈ હતી, એ સમય દરમ્યાન એકનો પગ લપસતા પાણીમાં ડૂબવા માંડતા બે સહેલીઓ તેને બચાવવા જતા ત્રણેય મોતને ભેટી હતી. આમ તાલુકામાં એક જ દિવસમાં પાંચ- પાંચ જણાના મોત થતાં સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ જવા પામી હતી. તાલુકાના દેલાણા ગામે દરબાર સમાજના બે સત્તર વર્ષીય રાજેન્દ્રકુમાર ઉદેસીંહ રાઠોડ અને બહાદૂરસિંહ દાનુભા રાઠોડ પીવાનું પાણી ભરવા માટે બનાસ નદીનું વહેણ તળાવ બાજુ આવતુ હોઈ તેમાં ગયેલા, એ સમય દરમ્યાન એક મિત્રનો પગ લપસતાં ડૂબવા માંડેલ. તેને બચાવવા જતાં બીજો મિત્ર પણ પાણીમાં ગરકાવ થઈ જવા પામ્યો હતો. ગ્રામજનોને જાણ થતાં ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને ત્રણ કલાકની જહેમત બાદ બન્નેની લાશો બહાર કાઢવામાં આવી હતી.

જ્યારે સિનાડ(શ્રીનાથ) ગામે સિનાડથી પાટણ જતા માર્ગ ઉપર ૨૮ પરિવારો રહે છે. તેમાંથી ઠાકોર સમાજની ત્રણ બાળાઓ પાયલ પ્રહલાદભાઈ ઠાકોર (ઉ.વ.૧૩), પૂનમ જયંતિભાઈ ઠાકોર (ઉ.વ.૧૩) અને ભાવના ભરતભાઈ ઠાકોર (ઉ.વ.૧૪) સંડાસ જવા માટે વહેતા પાણીના વહેણ નજીક ગયેલ. જ્યાં એકનો પગ લપસતાં બે બહેનપણીઓ તેણીને બચાવવા જતા ત્રણેય ડૂબી ગઈ હતી. કેટલાક બાળકો જોઈ જતાં બુમાબુમ કરતાં ગામ લોકો દોડી આવ્યા હતા અને ત્રણેયને રાધનપુર રેફરલ હોસ્પિટલ ખાતે લઈ ગયેલ. જ્યાં તબીબોએ ત્રણેયને મૃતક જાહેર કરી હતી. પોલીસને જાણ કરતા એ.એસ.પી. પાર્થરાજસિંહ ગોહિલ રેફરલ હોસ્પિટલ ખાતે સ્ટાફ સાથે દોડી આવ્યા હતા અને ઘટના અંગે જાણકારી મેળવી હતી.

### દેલાણામાં તરવૈયા કામે લાગ્યા

દેલાણા ગામના સરપંચ રામાભાઈ આહિરના જણાવ્યા મુજબ બે કિશોરો ડૂબ્યાની જાણ થતા આખુ ગામ હિબકે ચડ્યુ હતું. છાણીયાસરના તરવૈયા કલ્યાણભાઈ વીરાભાઈ આયર તેમજ એસ.આર.પી.ની ટીમે ભારે જહેમત બાદ ત્રણ કલાકે લાશો બહાર કાઢી હતી. જેમનું પી.એમ. કરવા માટે મામલતદાર ભીખાભાઈ પટેલે રેફરલના તબીબોને દેલાણા બોલાવ્યા હતા. પોસ્ટમોર્ટમ બાદ બન્નેની લાશોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા ત્યારે આખા ગામની આંખોમાં આંસુ હતાં.

### સિનાડ ગામમાં ગમગીની

સિનાડ ગામની ત્રણ બાળાઓ ડૂબીને મોતને ભેટતાં આખા ગામમાં ગમગીની છવાઈ ગઈ હતી. ગામના અગ્રણી અને સરપંચના પતિ ભાથીજી રબારીના જણાવ્યા મુજબ ત્રણેય બાળાઓને પાણીમાંથી બહાર કઢાઈ ત્યારે ડસકાં લઈ રહી હતી. પરંતુ રાધનપુર રેફરલ હોસ્પિટલ આવતા સુધીમાં તો મોતને ભેટી હતી. ગામ બહાર પાટણ રોડ ઉપર રહેતા ૨૮ પરિવારો પૂર આવતા સ્થળાંતર કરીને શાળામાં રહેતા હતા. પરંતુ પૂરના પાણી ઓસરતા ફરીને ત્યાં રહેવા ગયા હતા

# મુખ્યમંત્રીએ પૂર પ્રકોપની પરિસ્થિતિના પગલે અસરગ્રસ્ત રાધનપુર તાલુકાના પેદાશપુર ગામની મુલાકાત લીધી

**૫૦૦ મીટરનો બનાસ નદીનો પટ ખેડી જીવનના જોખમે મુખ્યમંત્રી લાઇફ બોટથી પેદાશપુર પહોચ્યા : વીજળી અને પાણીની વ્યવસ્થા ત્વરીત કરાશે**







પાટણ

પૂર પ્રકોપની પરિસ્થિતિની બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અસરગ્રસ્ત ગામોની મુલાકાત છેલ્લા પાંચ દિવસથી રાજયના મુખ્યમંત્રીશ્રી લઈ રહ્યા છે. જે અંતર્ગત આજે પાંચમા દિવસે પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના પેદાશપુર ગામની મુલાકાત રાજયના મુખ્યમંત્રી લઈ લોકોના દુખમાં સહભાગી બન્યા હતા. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સૌથી વધુ અસરગ્રસ્ત ગામોના તમામ લોકોને દશ દિવસની કેશડોલ્સ એક સાથે આપવાની જાહેરાત કરી હતી. તેમજ ઘરવખરી, પાક નુકશાન, પશુધન નુકશાન, જમીન ધોવાણ સહાય ત્વરીત ધોરણે ચુકવાશે તેમ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ બનાસનદીનો ૫૦૦ મીટરનો નદીનો પટ જીવના જોખમે લાઈફ બોટથી પાર કરી ગ્રામજનોના દુઃખમાં સહભાગી બન્યા હતા. મુખ્યમંત્રીશ્રી રૂપાણીએ

અનુસંધાન પાના નં.૬

# કેશડોલ્સ આપો તો અન્યાય ન કરો, નહીતર બંધ કરો : થરાદ પંથકમાં લોકોમાં ભારે આક્રોશ

### કર્મચારીઓ દ્વારા ફોર્મ ભર્યા પછી પણ સહાય નહી અપાતાં લોકો થરાદ દોડયા


(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદ શહેર અને ગામોના લોકોનાં ધાડાં કેશડોલ્સ લેવા અને નહી મળતી હોવાની રજુઆતો કરવા માટે વાહનોમાં ભરાઈને થરાદમાં દોડી આવે છે.ગુરુવારે શહેરના વોર્ડનંબર બેમાં વ્હાલા દવલાની નીતી અને તાલુકાના પેપર ગામમાં ફોર્મ ભરવા છતાં પણ કેશડોલ્સ નહી મળતાં ભારે રોષની લાગણી સાથે રહીશો પ્રાંગણમાં ધસી આવ્યા હતા.નોંધનીયછેકે થરાદ પંથકમાં કેશડોલ્સના મુદ્દે વ્યાપક ઉઠવા પામી છે.

થરાદ શહેરના વોર્ડ નંબર બે ના રહીશો બહોળી સંખ્યામાં પ્રાંત કચેરીમાં ઉમટી પડ્યાં હતાં.અને જ્યાં વોર્ડ નંબર બેના સદસ્ય હાજીભાઈ પઠાણે નાયબ કલેક્ટર અને અધિક કલેક્ટર સમક્ષ કેશડોલ્સના મુદ્દે લેખિત મૌખિક રજુઆત કરી હતી.જેમાં વોર્ડના જ અન્ય ઉંચાણવાળા વિસ્તારો ઉપરાંત શહેરના જરા પણ પાણની નહી આવ્યું હોય અને બંગલાઓમાં રહેતા હોય એવા વિસ્તારોમાં સહાય

અનુસંધાન પાના નં.૬

# માઉન્ટ આબુમાં ભેખડ ધસી પડતા વાહન વ્યવહાર અટવાયો


હિતેન્દ્ર અગ્રવાલ

ગુજરાતીઓ માટે કાશ્મીર સમાન ગણાતા માઉન્ટઆબુ પંથક માં ફરી એક વાર ભેખડ ધસવાની ઘટના બની છે. અગાઉ પડેલાં ભારે વરસાદ નાં પગલે અનેક ડુંગરો પોચા બનતાં આ ભેખડો ધસવાની ઘટના બની રહી છે. આજે પણ આબુરોડ માઉન્ટઆબુ માર્ગ વચ્ચે ભેખડ ધસી પડતાં માર્ગ અવરોધાયો હતો. જોકે આજે નાના વાહનો ની અવર-જવર ચાલુ રહી હતી પણ આવતી કાલે આ માર્ગ પર ભેખડો નો પડેલો કાટમાળ ખસેડવાની કામગીરી હાથ ધરાનાર હોઈ આવતી કાલે સવારે ૧૦.૦૦ વાગ્યા થી સાંજ નાં ૦૪.૦૦ વાગ્યા સુધી તમામ વાહનો માટે રસ્તો બંધ કરાશે. પણ જો કામગીરી વહેલાં પુર્ણ કરાશે તો માર્ગો વહેલાં ખુલ્લા કરાશે.

# બનાસકાંઠાને બેઠો કરવા સરકાર કટિબધ્ધ પણ જન ભાગીદારી જરૂરી : ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા

**ટીપેટીપે સરોવર ભરાય તેમ દાનરૂપી ટીપુ વહાવવા બનાસવાસીઓને અપીલ : બનાસકાંઠાના ગામડા ખુંદતા મહેસૂલ મંત્રીની 'રખેવાળ' સાથે મુલાકાત**



ડીસા

બનાસકાંઠા જિલ્લામાં આકાશી આફતે તારાજી સર્જી છે. તેમ છતાં ખમતીધર પ્રજા સ્વસ્થ છે. તેથી બનાસવાસીઓના સંયમથી પ્રભાવિત થયેલા મહેસૂલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ અસર ગ્રસ્તોને થાળે પાડવા સરકાર કટિબધ્ધ છે પરંતુ આ ભગીરથી કાર્યમાં સેવાભાવી, ધાર્મિક, સામાજીક સંસ્થાઓ અને સખાવતી દાતાઓ પણ સંકળાય તો આફત અવસરમાં પલટાય તેમ 'રખેવાળ' સાથેની મુલાકાતમાં જણાવી પુનઃ વસનમાં સામેલ તમામનો ઋણ સ્વીકાર કર્યો હતો.

**પ્રશ્ન - પૂર વખતે અને પૂર બાદ સરકારની ભૂમિકા કેવી રહી ?**

જવાબ- બનાસકાંઠામાં ભારે વરસાદ અને પૂરની સ્થિતિની જાણ થતા ગાંધીનગર સ્ટેટ કંટ્રોલ રૂમમાં આખી રાત જાગી તંત્રના સતત સંપર્કમાં રહી લોક જાગૃતિ કેળવતા વધુ જાનહાનિ નિવારી શકાઈ છે. ત્યારબાદ મુખ્યમંત્રી સાથે પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ સ્થિતિની

અનુસંધાન પાના નં.૬

# બનાસકાંઠાને ઔદ્યોગિક ટેક્ષ ફ્રી ઝોન જાહેર કરવાની માંગ

### એક માત્ર કૃષિ વ્યવસાયના વળતા પાણી : અન્ય ધંધા રોજગારની જરૂર

ડીસા

૨૦૧૫ બાદ પુરે ફરી બનાસકાંઠા જિલ્લામાં વિનાશ વેર્યો છે. જેનું નુકશાન ભરપાઈ થઈ શકે તેમ નથી. ત્યારે ખેતરો ધોવાતા એકમાત્ર કૃષિ વ્યવસાયને પણ મરણતોલ ફટકો પડયો છે. જેથી જિલ્લામાં ઉદ્યોગો સ્થપાય તે માટે સરકાર જિલ્લાને ઔદ્યોગિક ટેક્ષ કૃષિ ફ્રી જાહેર કરે તેવી બનાસવાસીઓની લાગણી સાથે માંગણી ઉઠવા પામી છે.

રણ વિસ્તાર ધરાવતા બનાસકાંઠા જિલ્લાના લોકો એક માત્ર કૃષિ અને પશુપાલન ઉપર નિર્ભર છે. તેમાં પણ ડીસાના ૧૨ થી ૧૫ કી.મીના વિસ્તારને બાદ કરતાં બાકીના જિલ્લામાં પાણીની સમસ્યા છે. ૧૦૦૦ ફુટના બોર પણ પાણી ઉલેચતા નથી. પિયતની સમસ્યા વચ્ચે પણ ખમતીધર ખેડૂતો પાકો પકવે છે પણ તેના પોષણક્ષમ ભાવો મળતા નથી. તેથી દેવામાં ડુબેલા ખેડુતોને ઘર ચલાવવાના ફાંફા થઈ પડયા છે. ત્યારે પરિવારને મદદરૂપ બનતા ખેડૂત પુત્રોને અહીં ધંધા રોજગારના અભાવે ફરજીયાત અમદાવાદ જેવા મોટા શહેરોમાં જવું પડે છે ત્યારે જિલ્લામાં ઔદ્યોગિક એકમો સ્થપાય તો યુવાનોને ઘરઆંગણે ધંધા રોજગાર મળી રહે તેથી જિલ્લાના હીતમાં રાજય સરકાર જિલ્લાને ઔદ્યોગિક ટેક્ષ ફ્રી જાહેર કરવાની તાતી જરૂરીયાત વર્તાય છે. આ બાબતે જન કલ્યાણ યુવક મંડળના કલ્યાણભાઈ રબારીએ જણાવ્યું હતુંકે બનાસકાંઠામાં ફરી જનજીવન થાળે પાડવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત

અનુસંધાન પાના નં.૬

**ધાનેરાની તબાહીનો ગ્રાઉન્ડ ઝિરો રીપોટ**

# ધાનરાને પૂરના પાણીથી તબાહ કરવા પાછળ રાજસ્થાનનું વહીવટીતંત્ર જવાબદાર

**જેતપુર ડેમ પર રહેલા ચોકીદારની નિષ્કાળજીથી ડેમ તુટી ગયો**


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

તારીખ ૨૪ જુલાઈના રોજ રેલ નદીમાં આવેલ વિનાશક પૂરના પાણીએ ધાનેરા, થરાદ, વાવ અને રાજસ્થાનના કેટલાક વિસ્તારોને તબાહ કરી નાંખ્યા છે. પુર આવવાની પાછળ ઉપરવાસ તેમજ બનાસકાંઠામાં પડી રહેલા ભારે વરસાદ જવાબદાર છે. પરંતુ રાજસ્થાનના તંત્ર દ્વારા સમય સંજોગ સાથે થોડી જાગૃતી દાખવી હોત તો અનેક વિસ્તારોનો વિનાશ થતો અટક્યો હોત.

રખેવાળ ટીમ રાજસ્થાનના જેતપુર ડેમ ઉપર પહોચી ત્યારે ડેમના દશ્યો જોઈ પગ તળેથી જમીન હલી જાય તેવા હતા. ડેમના બાંધકામમાં સરેઆમ બેદરકારી દાખવવામાં આવી છે. ડેમની દિવાલ માત્ર કાચી માટીની રેતીની બનેલી છે. અને આવી કાચી દિવાલને ઉપરવાસમાં ભારે વરસાદ થતા ગણતરીની મીનીટોમાંજ ધોવાઈ ગઈ અને ડેમનું ધસમસતુ પાણી ધાનેરા તાલુકા અને શહેરને તબાહ કરી ૨૧ લોકોને

અનુસંધાન પાના નં.૬

**ઓલ ઇન્ડીયા ગ્રામિણ ડાકસેવક સંઘ બનાસકાંઠાનું અધિવેશન**

# માંગણીઓ નહી સંતોષાય તો ૧૬મીથી અચોક્કસ મુદતની હડતાળને ટેકો


(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

બનાસકાંઠા જિલ્લાના ગ્રામિણ ડાકસેવક કર્મચારીઓનું દ્વી વાર્ષિક અધિવેશન પાલનપુર મુકામે લીલાલહેર કાઠીયાવાડી રેસ્ટોરન્ટમાં યોજાયું હતું. જેમાં ગ્રામિણ ડાક સેવકોને નિયમીત કર્મચારીઓનો દરજ્જો અને તમામ અધિકારો તથા સાતમા પગારપંચનો લાભ આપવામાં આવે તેવી સર્કલના હોદ્દેદારો દ્વારા રજુઆત કરવામાં આવી હતી.તેમજ જો તેમની માંગણીઓ સંતોષવામાં નહી આવે તો ૧૬મી ઓગસ્ટથી અચોક્કસ મુદતની હડતાળના

અનુસંધાન પાના નં.૬


## બેસણું


સ્વ. જવાનસિંહ ચેલાજી સોલંકી
સ્વ.તા. ૦૨/૦૮/૨૦૧૭, બુધવાર

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી સ્વ.જવાનસિંહ ચેલાજી સોલંકીનું તા. ૨/૦૮/૨૦૧૭ ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૫/૮/૨૦૧૭ ને શનિવારે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**સ્થળ : પેપોળ તા. વડગામ જિ.બનાસકાંઠા**

લિ.
પ્રકાશસિંહ જવાનસિંહ સોલંકી (પુત્ર)
ગુલાબસિંહ ચેલાજી સોલંકી (ભાઈ)
કિરણસિંહ ગુલાબસિંહ સોલંકી (ભત્રીજા)
જસવંતસિંહ ગુલાબસિંહ સોલંકી (ભત્રીજા)
આર્યુન પ્રકાશસિંહ સોલંકી (પૌત્ર

**મુ.પેપોળ તા. વડગામ (બ.કાં.)**